# પ્રકરણ સાતમું

# ઉત્સવો અને સામયિકો

Chapter-7

## પ્રકરણ ૭

## ઉત્સવો અને સામયિકો

શ્રેયસ્સાધક અધિકારી વર્ગે સમગ્રપણે ગુજરાતના સાહિત્ય અને સંસ્કાર વૈભવમાં જે વિશિષ્ટ પ્રદાન કર્યું છે એમાં તેના ઉત્સવો અને સંખ્યાબંધ સામયિકોએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એવાં વિધાનો અને નિર્દેશો પ્રસ્તુત અભ્યાસગ્રન્થમાં સ્થળે સ્થળે થયેલાં છે જ. અહીં તેનું સંક્ષિપ્ત પણ સંકલિત રીતે વિહંગાવલોકન કરવું જરૂરી છે. આ બંને પ્રવાહો સાથે સાથે જ વહયા છે એટલે ઉભય પ્રવૃત્તિને એકબીજાથી ભિન્ન રૂપે નિહાળવી- નિરૂપવી શકય નથી.

ઉત્સવ વિશેના ગઈસદીના ખ્યાલો અને તદ્દન અધતન વિચારો વિશે ક્ષણભર તટસ્થપણે ચિંતન કરીએ તો તેમાં મોટે ભાગે જીવનથી વિચ્છિન્નપણે થતી અર્થહીન પ્રવૃત્તિ અને કેવળ મનોરંજન અથવા મોજમજાહ જોવા મળશે. કોઈ કોઈ સંસ્થાની વિરલ અપવાદરૂપ પ્રવૃત્તિની અહીં અવગણના કરવાનો આશય નથી.

આધ્યાત્મિક સંસ્થામાં ઉત્સવનું સ્થાન અને સ્વરૂપ કેવું હોઈ શકે, એના મૂળ ઉન્નત આશયને કેન્દ્રમાં રાખીને – એને અનુલક્ષીને જ – કાર્યક્રમોનું આયોજન કેવી રીતે થઈ શકે, અધ્યાત્મના અર્થના અનુસંધાનમાં રહીને વ્યાવહારિક ભૂમિકાએ મનોરંજન કે બુધ્ધિવિલાસ માણતાં રહીને ય મનોજયના અને બુધ્ધિની શુધ્ધિના સંયમસાધક ધ્યેય પ્રતિ કેવી રીતે પ્રગતિ થઈ શકે....તેનું પ્રત્યક્ષ માર્ગદર્શન વર્ગના ઉત્સવોમાંથી પ્રાપ્ત થઈ શકે છે. સ્વલ્પમાં, અનિવાર્ય પ્રેયસ્ પ્રવૃત્તિઓનો સદંતર પરિત્યાગ કર્યા સિવાય મનુષ્ય શ્રેયસ્‌ની સાધનામાં કૌશલ અને પ્રસન્નતાપૂર્વક આગળ વધી શકે એ સર્વોચ્ચ હેતુના કેન્દ્રની આસપાસ વર્ગની વિવિધ ઉત્સવાદિ પ્રવૃત્તિઓનો પરિઘ વિસ્તરતો હતો. અલબત્ત જેવી જેની ત્રિજયા,

જેવો જેનો અધિકાર અને સન્નિષ્ઠ પુરુષાર્થનો આગ્રહ.... તેટલું અને તેવું તેનું (સાધકનું) જીવનવર્તુળ વિસ્તૃત અને વિશુધ્ધ બનતું.

શ્રીઉપેન્દ્રાચાર્યજી એક ઉત્સવપ્રસંગે બાલસાધક પાસે સાભિનય ઉત્સવનું દૃષ્ટિબિંદુ રજૂ કરાવે છે :

"<u>ઉત્સવ એટલે</u>

સંઘદર્શન
સૌન્દર્યદર્શન
સંસ્કારદર્શન
સદ્‌ભાવદર્શન
રસદર્શન
પુણ્યદર્શન
પ્રભુત્વદર્શન.

<u>ઉત્સવ એટલે</u>

જીવનના શુધ્ધ આનન્દનો પ્રસંગ
જીવનના ઉલ્લાસનો પ્રસંગ
જીવનની જાગૃતિનો પ્રસંગ
આત્માની ઉત્તેજિતતાનો પ્રસંગ
આપણી સેવા શક્તિને સાદર કરવાનો પ્રસંગ
બન્ધુત્વને ખીલવવાનો પ્રસંગ.

<u>ઉત્સવ એટલે</u>

મનને નવીન સંસ્કાર આપવાનો પ્રસંગ
અન્તરને આન્દોલિત કરવાનો પ્રસંગ
સદ્‌વસ્તુ જમાવવાનો પ્રસંગ
સદ્‌વસ્તુ મેળવી લેવાનો પ્રસંગ
સદ્‌વસ્તુ વિચારવાનો પ્રસંગ
કર્તવ્યાંજલિ અર્પવાનો પ્રસંગ
ઉચ્ચતાને માણવાનો પ્રસંગ.

ક્રિયામાં પણ સામુદાયિક શિસ્તનું પાલન કરવામાં આવતું. સ્તોત્રપાઠ, કીર્તનગાન કે સામૂહિક મંત્ર–ધૂનનાં આવર્તનો બોલવા–ઝીલવામાં ય ઉચ્ચાર શુદ્ધિ ઉપરાંત લય, તાલ વગેરેનું સામંજસ્ય જળવાતું. વાતાવરણમાં દિવ્યતાનો પરિમલ પ્રસરી રહેતો.

સનાતન હિંદુધર્મની પ્રણાલિકાનુસાર, શ્રી સદ્‌ગુરુનું પૂજન, આરતી, પુષ્પાંજલિ, પ્રાર્થના વગેરે થયા બાદ, આચાર્યશ્રીનું અમૃતમય પ્રવચન સાંભળવાને સૌ કોઇ ઉત્સુક રહેતું. વર્ગના વ્યુત્પન્ન વિદ્વાનોનાં પણ પ્રવચનો થતાં. ભોજન અને અલ્પ સમયના આરામ બાદ સદ્‌વાચન, ચિંતન, પરિસંવાદ અને રાત્રે સમૂહમાં નવાં નવાં કીર્તનોનાં ગાન થતાં.

ઇ.સ. ૧૮૮૮માં શ્રીમન્નૃસિંહાચાર્યજીની ૩૪મી વયે, તેમના નેતૃત્વ નીચે, શ્રી માસ્તરસાહેબે "મહાકાલ" માસિક તો શરૂ કર્યું જ હતું. આચાર્યશ્રીના તિરોધાન પછી એક જ વર્ષ બાદ ૧૮૯૯માં આષાઢી પૂર્ણિમાથી, બંને ઉત્સવ પર "સદુપદેશશ્રેણી" પ્રકટ કરવાનો આરંભ થયો. ઉત્સવ પ્રસંગે વિદ્વાનોએ આપેલાં વ્યાખ્યાનો ઉપરાંત, ઉચ્ચકોટિના અભ્યાસપૂર્ણ ચિંતનીય લેખો તેમાં પ્રકટ કરવામાં આવતા. વિશેષમાં, સાયંકાળ પછી મધ્યરાત્રિપર્યંત સંગીતવર્ગને સમસ્ત શ્રોતાસમૂહ સમક્ષ ગાવા માટે નવા નવા રાગઢાળના અને ભક્તિજ્ઞાનથી નીતરતાં કીર્તનો પણ તેમાં પ્રકટ કરવામાં આવતાં. તેમાં સ્ત્રીઓનાં પ્રવચનો–લેખોનો પણ સમાવેશ થતો. શ્રેણીનાં લખાણોના સેંકડો વિષયો પૈકી કેટલાક પર દૃષ્ટિ ફેરવવાથી વર્ગના અભ્યાસના અને વિદ્વાન સાધકોના જ્ઞાનના ઉચ્ચ સૂક્ષ્મ સ્તરની કલ્પના આવી શકશે. તેમાં સર્વ ધર્મો અને તત્ત્વજ્ઞાનની સર્વ શાખાઓનો તથા વિવિધ કલાઅંગોનો સમાવેશ થાય છે. આશ્ચર્ય અને આનંદની વાત તો એ છે કે હજારો પૃષ્ઠમાં પથરાયેલા આ વિપુલ સાહિત્યમાં ક્યાંય

કોઇની - કોઇ ધર્મતત્ત્વશાખાની - દ્વેષપૂર્વક ટીકા કે નિંદાનો અણસારો ય જોવા મળતો નથી એટલું જ નહીં પણ જે તે વિષયની તેના લેખકના હાથે તટસ્થ પણ નીડર અને સમ્યક્ રીતે સંપૂર્ણત: સાંગોપાંગ સમાલોચના થયેલી જોવા મળે છે. એ હકીકત એની ભિન્નસાંપ્રદાયિકતા અને ઉદાર સહિષ્ણુતાની દ્યોતક છે. ૧૯૬૮ના ગુરુપૂર્ણિમાના ઉત્સવદિને આ "સદુપદેશશ્રેણી"નો ૧૩૯મો અંક પ્રકટ થયો છે.

આ ઉપરાંત, પ્રત્યેક રવિવારે વડોદરામાં સ્થાનિક સાધકો મળતા તથા સમસ્ત ગુજરાત-સૌરાષ્ટ્રમાં ગામેગામ જ્યાં સાધકો વસતા ત્યાં - મુંબઇમાં અને કરાંચીમાં પણ - એકત્ર થતા અને ગુરૂપદિષ્ટ જપ, ધ્યાન આદિ ક્રિયાઓ સાધતા તથા પરસ્પર તત્ત્વવિચાર-વિનિમય કરતા. આ કાર્યક્રમોથી તથા ઉત્સવો અને સંમેલનોથી સાધકોમાં ઉત્સાહ અને જાગૃતિ વધ્યાં અને સ્વાધ્યાયમાં પણ દૃઢતા વધવાથી તેઓ અધ્યાત્મજ્ઞાનથી સમૃધ્ધ થવા લાગ્યા. આથી અનેક સજ્જનો વર્ગમાં સ્વયંસ્ફુરણાથી જોડાવા લાગ્યા. માહિતી મળે છે તે પ્રમાણે શ્રીમન્નૃસિંહાચાર્યજીની વિદ્યમાનતામાં સાડીચારસો સાધકો હતા તે સંખ્યા તેમના તિરોધાન પછીના પાંચ જ વર્ષમાં વધીને ચારગણી થઇ અને .... દશકા પછી તો ખૂબ વધી ગઇ. આમ થવાનું એક કારણ ઉત્સવોની વિશિષ્ટતા પણ હતી.

વિશાળ દૃષ્ટિ ધરાવનાર શ્રીમાન્ માસ્તર સાહેબે સમગ્ર ગુજરાતની જનતામાં અધ્યાત્મજાગૃતિ આવે એ માટે પૂર્વોક્ત ઉત્સવોમાં નવીનતા આણી એટલું જ નહીં પણ ઉત્સવના દિવસે, પ્રાપ્ત કરેલી ચેતનાનો ચમકારો અવકાશમાં વિલીન થઇ ન જાય તે માટે "સાધનસમારંભ મહોત્સવ"ની અપૂર્વ યોજના ઘડી.

શ્રેયસ્ સિધ્ધિના આધ્યાત્મિક કર્તવ્ય માટે આવશ્યક વૃત્તિના સંયમરૂપ સાધનનો નૈરંતર્યવાળો અખંડ અભ્યાસ વ્યવહારોપાધિવશ સાધકથી સાધી શકાવો કઠિન છે. ખાસકરીને મધ્યમકોટિના સાધકો સ્વગૃહે સ્વતંત્રપણે આગ્રહપૂર્વક અધિક કાલ સંયમ ક્રિયામાં બેસી શકે નહીં તે સહજ છે. તેવાઓને તેમ કરવાનો વેગ પ્રકટે તે માટે, તથા જેઓ નિત્ય નિયમિતપણે સંયમાદિ સાધન કરે છે તેમને એક સપ્તાહપર્યંત વ્યવધાનરહિતપણે – સર્વ સાંસર્ગિક પ્રતિબંધોની નિવૃત્તિપૂર્વક – વૃત્તિનિરોધમાં સાતત્યપૂર્વક સ્થિતિ કરવાનો અનુકૂળ અવસર મળે તે માટે સાધન સમારંભની યોજના શરૂ કરવામાં આવી.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ સ્વાનુભવ ગાયો છે કે,

"સાધનમેં સાધન જો બ્રહ્મકે વિચાર સોયો,
એકાંતમેં બૈઠે હમ નિશદિન કિયો હૈ."

એ પ્રમાણે એકાન્તસેવનપૂર્વક બ્રહ્મવિચારણા અને તત્ત્વસાધના દ્વારા – પૂર્વકાલીન ઋષિમુનિઓએ ગાએલા – અલૌકિક આનંદના અશાંશને પણ સાધકોનાં હૃદયમાં વ્યાપ્ત થવાનો મોકો મેળવી આપવાનો પણ સાધન સમારંભનો ઉદ્દેશ છે.

શ્રી માસ્તર સાહેબ વૈયક્તિક બળ કરતાં સહકારી સામર્થ્યનું સવિશેષ મૂલ્ય સમજતા હતા. આથી વિશ્વશાંતિમાં અને સમાજની ઉન્નતિમાં સહાયભૂત થનારી એક જ પ્રકારની સંયમ વિશેષ પ્રવૃત્તિ એકસ્થાને એકસાથે સપ્તાહના સાતત્યપૂર્વક કરવાથી વાતાવરણમાં પ્રસ્ફુટ થતાં વિશુધ્ધ સ્નેહોત્કર્ષનાં આંદોલનોને સહકારી સાહાટ્ય અને વેગ મળે.... એ આશય પણ સાધનસમારંભના ઉત્સવની પાછળ છુપાયેલો છે.

આ ઉપરાંત સંસારધર્મનું પાલન કરવામાં આવશ્યક એવી ઐહિક પ્રવૃત્તિઓની વચ્ચે રહીને મનુષ્ય ધીમેધીમે અનાસક્તિદ્યોતક

વિરાગની કલાને પોતાના અંતઃકરણમાં વિકસાવવાનો અભ્યાસ સિધ્ધ કરતો જાય એવો દીર્ઘદ્રષ્ટિયુક્ત આશય આ ઉત્સવના મહાન યોજક શ્રી માસ્તર સાહેબના હૃદયમાં રમી રહ્યો હતો.

તદુપરાંત, વર્ષ દરમ્યાન સદગુરુપ્રબોધિત ક્રિયાનો અભ્યાસ કરવામાં સાધકને મુશ્કેલી નડી કે નડતી હોય, અથવા અન્યથા પોતાના અંતઃકરણના કોઇ અજ્ઞાત દોષાદિને કારણે કે અધિકારની ન્યૂનતાને કારણે સાધકને પોતાની પ્રગતિની પ્રતીતિ થતી ન હોય... ...ત્યારે આ સપ્તાહ દરમ્યાન સદ્ગુરુ અથવા વડીલ અધિકારી સાધકો દ્વારા શંકા સમાધાન થાય, ક્ષતિ શોધાય અને સુધારાય તથા પ્રત્યક્ષ માર્ગદર્શન અને ગુરુકૃપાનું અવલંબન મળતાં પ્રગતિનો માર્ગ મોકળો બને....એ હેતુ પણ સાધનસમારંભના ઉત્સવમાં મહત્ત્વનો છે.

આ ઉત્સવ માટે ઘણુંખરું નગર વચ્ચે નહીં છતાં નગરથી બહુ પાસે નહીં એવું કુદરતની કમનીયતાવાળું એકાંત પવિત્ર નદીકિનારાવાળું સ્થળ પસંદ કરવામાં આવતું. મોટેભાગે જનકોલાહલથી ઉગરી શકાય છતાં તે ગામ કે શહેરની જનતા તેનો તટસ્થ રીતે પણ (સાયંકાળ પછીના કીર્તન–પ્રવચનોમાં સક્રિય રીતે) લાભ લઇ શકે તો સપ્તાહ દરમ્યાન તે સ્થળની આસપાસના વાતાવરણમાં સત્સંસ્કારનું પ્રચંડ આંદોલન પ્રસરી રહે, એવા શુભ હેતુથી સ્થળની પસંદગી કરવામાં આવતી. ઋતુરાજ વસંતનો સમય સમશીતોષ્ણ તથા દૈવી અણુઓના ગ્રહણ– વિતરણ માટે સર્વથા અનુકૂળ મનાયો હોવાથી ફાલ્ગુન શુક્લ પૂર્ણિમાથી સાત દિવસ પર્યંત આ ઉત્સવ ઉજવાતો. લગભગ બેહજાર મનુષ્યોનો સમાવેશ થઇ શકે એવા વિશાળ કલાત્મક મંડળને ધ્વજપતાકા, જ્ઞાનભક્તિદ્યોતક સૂત્રવચનો, ગેસનાં દીપકો વગેરેથી અલંકૃત કરવામાં આવતો. સંયમશાળા, પાકશાળા, ભોજનશાળા વગેરેનું પણ આયોજન કરવામાં આવતું. સૌથી પ્રથમ સાધનસમારંભ મહોત્સવ સને ૧૯૦૦ના માર્ચમાં

હોળીના શુભ દિવસે સૌરાષ્ટ્રમાં વીરમગામમાં પાલન કરવામાં આવ્યો હતો.[1]

સ્નાનાદિથી પરવારી સાધકો સવારે ૭ થી ૧૨ પર્યંત પોતપોતાની શક્તિ મર્યાદાનુસાર ચારથી પાંચ કલાક સંયમસાધનામાં ગાળતા. તેમાં ધ્યાનધારણા ઉપરાંત ઉપાસના–અનુષ્ઠાનનો પણ સમાવેશ થતો. મોટાભાગના સાધકોની વૃત્તિનિરોધની આ સાધનાક્રિયા અવિચ્છિન્ન ચાલતી. ઉપદિષ્ટ મંત્ર જપ ઉપરાંત સાધકમાત્ર તે સ્થાન, વર્ગ, દેશ અને વિશ્વનાં શાંતિકલ્યાણ માટે ભાવનાપૂર્વક અર્ઘ્યપ્રદાન કરતો. ગુરુપૂજન, આરતી અને સામૂહિક પ્રસાદગ્રહણ બાદ બે કલાક નિવૃત્તિ માટે રખાતા. નિવૃત્તિકાળમાં પણ પરસ્પરમાં સાત્ત્વિક વિનોદ કે વિચારવિનિમયને અવકાશ રહેતો, પરંતુ પ્રમાદ કે સંયમવિરોધી પ્રવૃત્તિને લેશ પણ સ્થાન ન હતું. ૪ થી ૭ સુધીમાં વિદ્વાનોનાં વ્યાખ્યાનો, સત્શાસ્ત્રશ્રવણ, પ્રશ્નોત્તર અને સિધ્ધાંત ચર્ચા ઉપરાંત દીર્ઘપ્લવન, વ્યાયામ, તરવું, રસ્સીખેંચ આદિ રમતો, શ્લોકપઠનની સ્પર્ધા વગેરેમાં સમયનો સદુપયોગ થતો. રાત્રે સાડા નવ પર્યંત ઉત્સવ માટે લખેલાં નવાં કીર્તનોનું સમૂહગાન થતું.

પ્રત્યેક સાધકનું બેસવાનું આસન, પૂજા, ધૂપ, દીપ વગેરેનાં સાધનો, બે સાધકોનાં આસન વચ્ચેનું અંતર, ટટ્ટાર બેસવાની પધ્ધતિ, પ્રાણાયામ વિધિ, સાફસૂફ કરવા માટેનો કકડો કે ટુવાલ, જપક્રિયા કે સ્તોત્રપાઠ કરતી વખતે થતું ઉચ્ચારણ, આરામ અને શયન માટે બાંધેલાં તંબુ કે કુટિરો અને તેમાં ઉપયોગમાં લેવાની ચાદર વગેરે સામગ્રી, (એક જ વખતે બપોરે લેવાતા) ભોજન વખતે બેસવા–પીરસવાની ઢબ, .......એમ નાનામાં નાની દરેક

---

૧. સાધનસમારંભ મહોત્સવનાં સ્થળો માટે જુઓ પરિશિષ્ટ ૫

બાબતમાં આ સમારંભ સચેતન (યાંત્રિક નહીં ;) શાંતિ, શિસ્ત, સ્વચ્છતા, સુઘડતા, સુંદરતા, ચોકસાઇ અને કાર્યદક્ષતાનો આદર્શ દાખલો પૂરો પાડતું. આ ઉત્સવમાં ઘણું ઘણું થતું છતાં જાણે કાંઇ જ બની રહ્યું નથી એવા નિરૂપાધિક બિનધમાલિયા પ્રેરક વાતાવરણનો પરિમલ–પ્રસાદ પ્રસરતો.

શ્રીમાન્ વિશ્વવંદ્યના તિરોધાન સુધીમાં – ૧૯૧૨ સુધીમાં – જુદે જુદે સ્થળે બાર સમારંભો થયા હતા ; અને શ્રીઉપેન્દ્રાચાર્યજીના સ્વરૂપાવસ્થાન (૧૯૩૭) ના આગલા વર્ષમાં આતરસુંબા મુકામે ૩૮મો સાધન સમારંભ થયો હતો. પ્રકરણ ૫માં જણાવ્યું છે તેમ સાધન સમારંભના સ્થાનની પસંદગી માટે રેવા તટે ભૃગુકચ્છમાં ગયેલા શ્રીઉપેન્દ્રાચાર્યજીએ ત્યાં જ સમાધિસ્થ થઇને દેહલીલા સંકેલી હતી. ઇ.સ. ૧૯૪૦ પછી લગભગ બધા જ ઉત્સવો વડોદરામાં શ્રી નૃસિંહાશ્રમમાં અને શ્રી વિશ્વવંદ્ય-ઉદ્યાનમાં પાલન કરવામાં આવ્યા છે. અલબત્ત, આ સદીના પ્રથમ ૩૦–૩૫ વર્ષમાં પાલન થયેલા સાધનસમારંભના ઉત્સવોની ભવ્યતા અને દિવ્યતાની તો હવે કલ્પના જ કરવાની રહી ! એ ઉત્સવોનો પ્રભાવ કેવો વ્યાપક અને ચમત્કારિક કહી શકાય તેવો હતો તથા તેની કેવી સાંસ્કારિક છાપ ઊઠતી હતી તેનો આછો ખ્યાલ આવી શકે તે માટે અત્રે ૧૯૦૭માં મુંબઇ મુકામે પાલન થયેલા આઠમા ઉત્સવની ટૂંકી નોંધો તથા વિવિધ સજ્જનોનાં પ્રશસ્તિપત્રો સં. ૧૯૬૩ના "મહાકાલ" વગેરે માસિકોમાં પ્રસિધ્ધ થયેલાં, તેમાંથી સારગ્રહણ કરીએ :

સવારના ચિત્તપ્રસાદપોષક રમણીય પ્રશાંત એવી સંયમશાળામાં પાંચસો ઉપરાંત યુવાન, પ્રૌઢ અને વૃધ્ધ સાધકવૃન્દને પોતપોતાના આસન પર સ્થિર બેસી ધ્યાન–ધારણાની ક્રિયામાં મગ્ન થયેલાં નિહાળવાં.... એ અપૂર્વ દૃશ્ય પ્રાચીન ઋષિમુનિઓની યજ્ઞશાળા કે તપોવનનું સહેજે સ્મરણ કરાવતું. ભૂતકાળની ભવ્યતા અને દિવ્યતાનું વર્ણન માત્ર શાસ્ત્ર પુરાણોનાં ગપ્પાં હોવાનું મારનારને

આવું સુભગ દશ્ય વર્તમાનની હકીકતરૂપે પ્રમાણરૂપ થઇ પડ્યું....
આટલા બધા માણસોનો સમૂહ કલાકો સુધી વિવિધ ક્રિયાઓમાં
રસ હોય છતાં સચેતન શાંતિ એવી વ્યાપી રહેતી કે જાણે પ્રકૃતિ
અને મનુષ્ય એકરસ થઇ ગયાં હતાં. મોટી સંખ્યામાં બહેનોને પણ
આ ઉત્સવમાં સક્રિય ભાગ લેતી જોઇને લોકો આશ્ચર્યચકિત
થઇ ગયા હતા.

સાંજના વ્યાખ્યાનોના કાર્યક્રમમાં સમુદ્રની સ્પર્ધા કરતો
હોય તેમ માનવ_મેહેરામણ સાતે દિવસ ઉભરાતો. સર ભાલચંદ્ર
ભાટવડેકર, અગ્રણી શેઠિયાઓમાં શ્રી ધરમશી મોરારજી ગોકળદાસ,
શ્રી ત્રિભોવનદાસ વરજીવનદાસ, શ્રી મનમોહનદાસ રામજી,
ઓનરેબલ શ્રી વિઠ્ઠલદાસ ઠાકરસી, શ્રી લલ્લુભાઇ શામળદાસ,
શ્રી કરસનદાસ હરગોવનદાસ, શ્રી મનમોહનદાસ દયાળદાસ,
શ્રી ત્રિભોવનદાસ મંગળદાસ, શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજી,
શ્રી દેવીદાસ વૃંદાવનદાસ, શ્રી ભાઇશંકર નાનાભાઇ સોલીસીટર,
શ્રી હીરાભાઇ ડાહ્યાભાઇ સોલીસીટર, શ્રી કલ્યાણદાસ કેશવદાસ,
શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, શ્રી મોરારજી વેલજી, શ્રી રેવાશંકર
જગજીવન, જૈન તત્ત્વજ્ઞ પંડિત શ્રી ફતેહચંદ કર્પૂરચંદ લાલન, ઉપરાંત
શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરશી, (બ્રિટીશ સરકારનો
કે.સી.આઇ.ઇ.નો ખિતાબ પામનાર) શ્રીમતી જનકીબાઇ વગેરે
સેંકડો કુલીન સન્નારીઓ, અગ્રગણ્ય અમલદારો, લીમડીનરેશ
શ્રી યશવંતસિંહજી, વડિયાના દરબાર શ્રી બાવાવાળા, ભાવનગર
લીંમડી વગેરે કેટલાંક રાજ્યોના દીવાનો, પારસી, મુસલમાન,
ખ્રિસ્તી, જૈન વગેરે વિવિધ ધર્મ અને કોમના લગભગ બે હજાર
સંભાવિત સંસ્કારી સજ્જનો અને સન્નારીઓએ આ વ્યાખ્યાનોનો
અને વાતાવરણનો ભાવપૂર્વક લાભ લીધો હતો. શ્રીમાન્ વિશ્વવંદ્ય,
શ્રીઉપેન્દ્રાચાર્યજી, શ્રી નર્મદાશંકર મહેતા, શ્રી જેકિશનદાસ કણિયા,

શ્રી નગીનદાસ સંઘવી વગેરે વિધ્વાન વ્યાખ્યાતાઓના ભિન્ન ભિન્ન વિષયોને સુંદર શૈલીમાં પ્રતિપાદન કરવાના અદ્ભુત સામર્થ્યથી, અસ્ખલિત વાગ્પ્રવાહથી તથા જીવનપયોગી અને સ્વદેશ–ધર્મની ઉન્નતિમાં ઉપકારક નીવડે એવા જ્ઞાનોપદેશથી શ્રોતાઓનાં ચિત્ત કોઇ વિલક્ષણ ચમત્કૃતિસમુદ્રમાં અવગાહન કરી રહેતાં એટલું જ નહીં પણ – વિદ્યુતપ્રકાશ કે ધ્વનિવર્ધક યંત્રના અભાવના એ જમાનામાં આટલી મોટી માનવમેદની મંત્રમુગ્ધ બનીને સતત બે કલાક સુધી સંપૂર્ણ શાંતિ અને શિસ્તપૂર્વક ગહન વિષયો પરનાં પ્રવચનોનો રસાસ્વાદ માણતી.... એ હકીકત જ વર્ગની આ ઉત્સવ પ્રવૃત્તિના સ્વરૂપવૈશિષ્ટય પર પૂરતો પ્રકાશ નાખે તેમ છે.

છેલ્લે દિવસે અનેક અધિકારીઓએ, લીમડી નરેશે, ઓનરેબલ શેઠશ્રી વિઠ્ઠલદાસ ઠાકરશીએ, શ્રી વાસુદેવ દેશપાંડેએ વગેરે વિધ્વાનોએ ઉપકાર નિવેદન કરતાં ભાવભીના હ્રદયે ગદ્ગદિત કંઠે તે પ્રસંગની અપૂર્વતાને બિરદાવી હતી. જૈનસમાજના અગ્રણી પંડિત શ્રી ફતેહચંદ લાલને તો તેમની હ્રદયહારિણી વાણીમાં, શ્રેયસ્સાધક અધિકારી વર્ગે પોતાના અપૂર્વ ઉત્સવના પાલનથી, મુંબઇની પ્રજાને દૃષ્ટાંતથી તથા ઉપદેશથી જે શીખવ્યું હતું તે વિગતે વર્ણવ્યું હતું અને જણાવ્યું હતું કે,

"વેદાંતના સિધ્ધાંતો તો સ્થળે સ્થળે શ્રવણ કરીએ છીએ, પણ તે વ્યવહારમાં રહીને આચારમાં મૂકી શકાતા હશે કે કેમ, તેનો આજ સુધી સંશય હતો. પરંતુ શ્રેયસ્સાધક અધિકારી વર્ગે આ સાત દિવસના પોતાના દૃષ્ટાંતથી આપણને ખાતરી કરી આપી છે કે વ્યવહારમાં પણ વેદાંત આચરી શકાય તેવું છે. આ વર્ગ લુખા શબ્દપાંડિત્યથી પોતાને કૃતકૃત્ય માનનારો નથી,

પરંતુ અનુભવને પ્રકટાવનાર સાધનોને સેવનાર, તથા તે સાધનોનો, સંબંધમાં આવનાર સર્વને પ્રબોધ કરનાર છે."[૧]... વગેરે.

આવા અપૂર્વ ઉત્સવના યોજકની આર્ષદૃષ્ટિ વિશે એક ઉલ્લેખ કરવો જરૂરી છે. ચોથા અને પાંચમા સાધનસમારંભ વખતે શ્રી માસ્તર સાહેબે, સાધકોને આ દિશામાં પૂરતાં માર્ગદર્શન અને તાલીમ આપીને, ભવિષ્યમાં તેઓએ સિધ્ધ કરવાના પ્રાપ્તવ્ય ધ્યેયનું દિશાસૂચન કરતાં હોય તેમ, પ્રવચનમાં અને "મહાકાલ"માં ગર્ભિત આગાહીઓ કરી હતી. સં. ૧૯૬૧ના "મહાકાલ"માં તેઓ લખે છે :

"મિત્રો ! અંતર્મુખાવસ્થામાં જે સુરમ્ય શાંત સ્વર હું શ્રવણ કરું છું, તે અલ્પકાળમાં અથવા આજે જ તમે પણ શ્રવણ કરો, એવું હું ઇચ્છું છું. સામાન્ય રીતે કહીએ તો તમારી અને અમારી આઠ વર્ષ સુધી ઉત્તરોત્તર અધિક ઉન્નતિનો ક્રમ આ વર્તમાન વર્ષથી જ આરંભાય છે. આ આઠ વર્ષ સુધી તમે અમારા સંગી રહેશો, અર્થાત્ મહાકાલમાં પ્રતિપાદન થયેલા, થતા અને થનાર નિશ્ચયો અને વિચારોને હૃદયમાં ધારણ કરશો અને તદનુસાર વર્તન કરશો તો તમે ઇશ્વરાનુગ્રહના પાત્ર થવાથી આઠ વર્ષ પછી જે ઘણો વિકટ સમય આવનાર છે, તે સમયમાં તમારે કેવી રીતે વર્તવું, શી રીતે દુઃખથી મુક્ત રહેવું, તથા પૂર્વથી સાવધાનતાના કયા કયા ઉપાયો યોજવા, એ સર્વનું જ્ઞાન ઇશ્વર તમને તમારા હૃદયમાં સ્ફુરાવશે. ભવિષ્યમાં થનાર મહદ્ અવસ્થાન્તરનો એ સમય છે. આથી એમ સમજવાનું નથી કે તે સમય મહાયુધ્ધનો હોઇ રુધિરની નદીઓ ચાલશે. એવું વિશેષે કરીને કંઇ જ નથી. એમ છતાં,

---

૧. "મહાકાલ" પુ. ૧૯, સં. ૧૯૬૩ ચૈત્ર, પૃ. ૨૦૩

તે સમય ઓછો ત્રાસજનક થાય તેમ નથી...... આપણી અર્થાત્ મહાકાલનો સંબંધ સેવનારી, અને મહાકાલના સિધ્ધાંતોનું પાલન કરનાર મહાકાલના સંબંધરહિત અન્ય ઉદાસીન સજ્જનોની આઠ વર્ષ સુધી ક્રમે ક્રમે અધિક ઉન્નતિ થતી જવાની તથા આઠ વર્ષ પછી ભારે ભયત્રાસ પ્રવર્તી રહેવાની વાર્તા કાલ્પનિક અથવા ભ્રમિત ચિત્તમાંથી પ્રકટેલી તમારામાંથી કોઇ કોઇને ભાસે તો તેમનું સમાધાન કરવાની મને સ્પૃહા નથી. સમય આવે સર્વ સ્પષ્ટ થશે. પર્વતના શિખર ઉપર ઉભેલા મનુષ્યની દ્રષ્ટિ, ઘણા ગાઉ સુધી આજુબાજુના પ્રદેશમાં પહોંચે એ સ્વાભાવિક છે. પર્વતની તળેટીમાં ઉભેલા મનુષ્યને તેટલું ન જણાય તે પણ સ્વાભાવિક છે. ઉચ્ચ ભૂમિકામાં આવતાં હું જે જોઉં છું અને શ્રવણ કરું છું, તે તમે પણ જોશો, અને શ્રવણ કરશો. તત્કાળ ન જણાવામાં આપણી ભૂમિકાનો ભેદ એ જ હેતુ છે."[1]

શિખરસ્થિતિને પામેલા શ્રી માસ્તર સાહેબે પોતાને થતા ભાવિદર્શનનું ઉપરોક્ત ઉદ્ગારોમાં યત્કિંચિત સૂચન કરેલું છે. એમાં "ભવિષ્યમાં થનાર મહદ્ અવસ્થાન્તર" દ્વારા બે બાબતોનો ઉલ્લેખ થયેલો જણાય છે.

(૧) સં. ૧૯૬૮ના માર્ગશીર્ષ કૃષ્ણ પંચમીએ (સને ૧૯૧૧ના ડિસેમ્બરમાં) થનાર તેમના દેહવિલયને લીધે તત્પશ્ચાત્ સમયમાં સમસ્ત સાધકવર્ગના હૃદય પર પડનારો અસહ્ય કારી ઘા. તથા

(૨) ઇ.સ. ૧૯૧૪ થી ૧૯૧૮માં આવી પડનાર પ્રથમ વિશ્વવિગ્રહની વિકટ વિપત્તિનો સમય......અને તદન્તર શરૂ થનારી દેશવ્યાપી ઉથલપાથલો.

---

૧. "મહાકાલ", પુ. ૧૭, સં. ૧૯૬૧, કાર્તિક, પૃ. ૨૨

.....અને તે પછી થયેલા સાધનસમારંભના ઉત્સવમાં તેમણે ગાંભીર્યપૂર્વક પ્રવચન કર્યાં હતાં એટલું જ નહીં પણ એક કીર્તનપદમાં પોતે સ્પષ્ટપણે લલકાર્યું હતું કે :

"શુભનો વરસે આ વરસાદ રે, પી લો તૃષાતુર ચાતકો રે લોલ ;
વરસે અખંડ વર્ષ સાત રે, ઝીલો હૃત્પાત્રે કોઇ સાધકો રે લોલ.
સિધ્ધતણાં મંડળ જુઓ, થઇ આજે એકત્ર,
કરી નૃહરિ પ્રભુ અગ્રણી, નાંખે ધાર સહસ્ત્ર.
ઉત્કંઠ સાધક–ચાતક ગ્રહે જો, વ્યર્થ તૃષાતણું કષ્ટ ન સહે જો,
દારિદ્રયરોગાદિ મૂળજી દહેજો, મહાસુખે તૃપ્ત થઇ સ્થિર રહેજો."

("શ્રીસુધાસ્ત્રોતસ્વિની", પૃ. ૨૬૮)

એ પદના અંતમાં પોતે પણ ઇષ્ટકૃપાથી જાણે તુર્યાતીત પંચમ ભૂમિકામાં પ્રવેશ કરવાને ઉધુક્ત ન બની રહયા હોય તેમ ખુમારીપૂર્વક ગાય છે :

"સકલ અર્થને સાધતા, નીરખી નિકટ ભગવાન,
મસ્ત વિચરજો અનુભવી, અશેષ દુ:ખ અભાન,
બેઠાં મંગલમય શુભ વર્ષ, જય જય ઉચ્ચારો પ્રીતે,
અપૂર્વ નિર્ભયતાને વીરો ધારો ચિત્તે,
સિધ્ધપદે આજ હવે રાજીએ રે લોલ,
નૃહરિરૂપ થઇને જયાં ત્યાં ગાજીએ રે લોલ."

(એજન)

અત્યંત આગળ વધેલા કેટલાક ઉચ્ચ અધિકારી સાધકો આ પદનું આગાહીના સૂચનરૂપ અર્થઘટન કરી શકયા હતા. તેમાં "નીરખી નિકટ ભગવાન" શબ્દમાં શ્લેષનું આરોપણ કરતાં, સાત વર્ષ પછી સાધકો ઉપેન્દ્રભગવાનના સાંનિધ્યમાં તેમનો વિકાસ સાધી શકશે એવો અર્થ ફલિત કરવામાં આવ્યો હતો.

ભાવના, જ્ઞાન, તપ અને ઇષ્ટ નિષ્ઠાના સુંદર સંગમ સમા પુણ્યતીર્થ જેવા ભવ્ય છતાં સરળ (શ્રી વિશ્વવંદ્યના) જીવનની વિજયપતાકા સમો સાધનસમારંભનો ઉત્સવ વર્ગના મંદિરના કનકકલશ જેવો છે. કારણ કે એ ઉત્સવે અસંખ્ય માનવીઓનાં જીવનઘડતર કર્યા છે અને અસંખ્ય સાધકોને આત્મપ્રકાશના ભંડાર ખોલવાની સુવર્ણચાવી હસ્તગત કરી આપી છે. આ પ્રકારના ઉત્સવનું મહત્ત્વ શ્રી અરવિંદાશ્રમવાસીઓ અને શાંતિનિકેતનવાસીઓ સારી પેઠે સમજી શકે તેમ છે. ભારતના મહાન કવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોરે આ અધ્યાત્મબલપોષક ઉત્સવ વિશે પૂછપરછ કરી હતી અને આનંદ વ્યક્ત કર્યો હતો.

આ ઉત્સવ ઇ.સ. ૧૯૦૦ થી પ્રતિ વર્ષે એક સપ્તાહ (હોળીના દિવસોમાં) ઉજવવામાં આવે છે. પરંતુ ઉત્સવના આદ્ય સ્રષ્ટાની સ્મૃતિરૂપે, તેમના તિરોધાનના બીજા વર્ષે એક વિશેષ સાધનસમારંભનું પાલન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે (૧૯૬૮ માં) શ્રીનૃસિંહાશ્રમમાં ૭૦મા સાધનસમારંભનું પાલન કરવામાં આવ્યું હતું.

સાધનસમારંભની શરૂઆત થઇ તે પહેલાં શ્રી માસ્તર સાહેબે વડોદરામાં રહેતા યુવાન સાધકોમાં શાસ્ત્ર ગ્રંથોનો સૂક્ષ્મ અભ્યાસ કરવાની અને સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિ ખીલે એ હેતુથી સં. ૧૯૫૬ના ભાદ્રપદ શુક્લ પંચમી (ઋષિપંચમી) ના દિવસે "શ્રી સરસ્વતીસત્ર" જેવા અભ્યાસમંડળનો આરંભ કર્યો હતો. રવિવાર ઉપરાંત રજાના દિવસોમાં સાયંકાળે આશ્રમમાં આ પ્રવૃત્તિ ચાલતી. શ્રી કૌશિકરામ મહેતા અને બીજા વિદ્વાનો ગીતા, ઉપનિષદ્ વગેરે વિશે નવયુવાનોને તથા વડોદરાની હાઇસ્કૂલોના વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજૂતી આપતા. ઉપયોગી શ્લોકો અને સૂત્રોનો શુધ્ધ ઉચ્ચારપૂર્વક મુખપાઠ કરાવતા. શ્રી માસ્તર સાહેબ

તો અંગ્રેજી પુસ્તકોમાંથી પણ જીવનને ઉપયોગી જણાય એવા વિચારોનું ભાષાંતર કરીને તેના પર વિવરણ કરતા. કદી કદી (વડોદરાના તે વખતે પ્રખ્યાત શ્રી રમણલાલ શાસ્ત્રી વગેરે) સારા કથાકારો અને કીર્તનકારોનો પણ કાર્યક્રમ રખાતો. નવોદિત કવિઓ પણ પોતાની નવી નવી કૃતિઓ રજૂ કરતા. શ્રી કૌશિકરામ મહેતા કાવ્યશાસ્ત્રનો સુંદર શૈલીમાં સૌને અભ્યાસ કરાવતા. કદી કદી તેઓ પંક્તિ આપીને પાદપૂર્તિ કરવાની સ્પર્ધા પણ ગોઠવતા. આ વર્તુળમાં અભ્યાસની અને અભ્યાસ કરાવવાની પધ્ધતિની કક્ષા બહુ ઊંચી કે ગભીર ન રહેતાં, સામાન્ય જિજ્ઞાસુઓમાં અલ્પકષ્ટે - આનંદપૂર્વક - જ્ઞાન કલા અને શુભ સંસ્કારોનું સિંચન થાય એવી રસપ્રદ રીતો અખત્યાર કરવામાં આવતી. આશ્ચર્યની વાત તો એ છે કે કાવ્યશાસ્ત્ર, વિવિધ ધર્મશાસ્ત્રો; તર્ક, ન્યાય ઉપરાંત આરોગ્ય, વ્યાકરણ વગેરે વિવિધ વિષયોના અભ્યાસનો આ સરસ્વતીસત્રમાં સમાવેશ થતો. કાશીના સમર્થ વ્યાકરણાચાર્ય શ્રી ચંદ્રધર પંડિત અને બીજા દૂર દૂરથી આવીને વડોદરામાં ટૂંક સમય માટે વસેલા વિદ્વાનોનો પણ સરસ્વતીસત્રને લાભ મળતો. ખાસ મહત્ત્વની બાબત તો એ હતી કે સરસ્વતીસત્રની નાની મોટી તમામ અભ્યાસ પ્રવૃત્તિમાં ૧૪-૧૫ વર્ષના ઉપેન્દ્રાચાર્યજી વિદ્યાર્થીભાવે સક્રિય ભાગ લેતા. એક રીતે કહીએ તો બાલઉપેન્દ્રનો શાસ્ત્રાભ્યાસ વધે એ હેતુથી જ શ્રી માસ્તર સાહેબે સામુદાયિક અભ્યાસ વર્તુળની આ વ્યવસ્થા યોજી હતી અને પાર પાડી હતી. તેમાં શ્રી માસ્તરસાહેબની આયોજનશક્તિ, દીર્ઘદૃષ્ટિ અને ગુરુકુલ તથા વર્ગ પ્રત્યેની અપાર મમતાનાં દર્શન થાય છે.

સરસ્વતીસત્રની સાથે જ અથવા તેના અનુસંધાનમાં માસ્તરસાહેબે "વિહારસત્ર"ની યોજના શરૂ કરી હતી. તેમાં ગભીર વાચન-શિક્ષણ નહીં પણ નિર્દોષ વિનોદપ્રમોદ, વિવિધ પ્રકારની રમતો,

સૂર્યનમસ્કાર, કુસ્તી વગેરે અખાડાની કસરતો, કદી કદી તરવાની તથા પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ થતી. શ્રી માસ્તર સાહેબ વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસમાં સ્નાયુબધ્ધ શરીરનું સ્વાસ્થ્ય અને સામર્થ્ય કેળવવા ઉપર ભાર મૂકતા. તેથી તો તેમણે આરંભમાં તે વિષયની પુસ્તિકાઓ લખી હતી. આમ આ – ઉત્સવ નહીં પણ – નાના પાયા પર ચાલતું મંડળ વિધાર્થીઓ અને યુવાનોને તેમના શારીરિક અને માનસિક ઘડતર માટે જરૂરી પાયાની વાતોના વિચાર અને આકાર આપવાનો સંનિષ્ઠ અને સક્રિય પ્રયત્નો કરતું. થોડાંક વર્ષો સુધી આ બંને સંસ્થાઓએ સારી સેવાઓ આપી.

વર્ગાંતર્ગત સાધકોના ક્રમિક ઉત્કર્ષ માટે તો અનેકવિધ યોજનાઓ હતી જ. પરંતુ वसुधैव कुटुम्बकम् ની ભાવનાનું નિત્ય અનુસંધાન કરનાર માસ્તરસાહેબ, વર્ગ બહારના સુજ્ઞ સજ્જનો પણ જીવનને ઉન્નત બનાવી સર્વોત્તમ સુખ મેળવવાની યુક્તિ–વિધિથી વંચિત ન રહે એ હેતુથી વિવિધ યોજનાઓ વિચારતા જ રહેતા. તેના પરિણામરૂપે "અધ્યાત્મબલપોષક મંડળ"ની સ્થાપના થઇ.

આત્મતત્ત્વની અચલ નિષ્ઠાપૂર્વક સર્વ જ્ઞાન સામર્થ્ય અને આનંદના અખૂટ નિધિરૂપ ચિતિસ્વરૂપના સંબંધમાં આવવાનો જાહેર રાજમાર્ગ તેમણે વિચાર્યો અને માનસશાસ્ત્ર તથા વિજ્ઞાનના સિધ્ધાંતોને અનુરૂપ હોય એ રીતે તેમણે જાહેર જનતાને સમજાવ્યો. આત્મચૈતન્યમાંથી પ્રતિદિન મહદ્ ઐશ્વર્યને પ્રાપ્ત કરવાની સુલભ અને સુગમ પ્રક્રિયા રચી તે પ્રયોગને અધ્યાત્મબલપોષક ગ્રંથમાળાના પ્રથમ અંક રૂપે ઇ.સ. ૧૯૦૨માં પ્રકટ કર્યો.

આ મંડળની વિશિષ્ટતા એ હતી કે સર્વજનકલ્યાણ માટેની આ સંસ્થાને શ્રેયસ્સાધક અધિકારી વર્ગથી સ્વતંત્ર રાખવામાં આવી હતી. આ મંડળના લાભ લેનાર માટે વર્ગના સાધક હોવું અનિવાર્ય ન હતું. આ મંડળના સ્વરૂપની વિશાળતાનું સ્વરૂપ તેના પ્રારંભિક વચનોમાં જ પ્રકટ થાય છે :

"અધ્યાત્મબલપોષક મંડળ એ કોઇ પંથ અથવા ધર્મનું અભિમાન ધરાવનાર મંડળ નથી. શુધ્ધ વિચારને યત્નથી નિરંતર અંત:કરણમાં સેવવો, એ તેનો સિધ્ધાંત છે, અને એવો કોઇ પણ ધર્મ અથવા પંથ નથી કે જેને આ સિધ્ધાંત સાથે કોઇ વિરોધ હોય."

આ વિચારમાં માનનારે માત્ર સવારના પંદર-વીસ મિનિટ જ ક્રિયા કરવાની રહેતી. ભાવનાના સહકારી સામર્થ્ય દ્વારા સંઘ-શક્તિનું નિર્માણ કરનારી આ ક્રિયાથી હજારો સ્ત્રીપુરુષોએ દુ:ખમુક્તિ મેળવીને શ્રેય:સાધનામાં વિરલ વેગને પામ્યાં હોવાનાં ઉદાહરણો - પત્રો "મહાકાલ"માં છપાયાં છે. આ સંબંધમાં વિશેષ વિગત પ્રકરણ ૪ માં જણાવી છે એટલે વધુ વિસ્તાર ન કરતાં એટલું જ જણાવવું બસ થશે કે વિશ્વવંધે આ મંડલ દ્વારા બજાવેલી સમાજસેવા અનેરી અને અદ્વિતીય હતી.

અધ્યાત્મબલપોષક મંડળની યોજના સર્વ સાધારણ જનતા માટે હતી. તે જ પ્રમાણે વર્ગમાંના મધ્યમકક્ષાના સાધકો - ખાસકરીને યુવાનો - સવિશેષપણે પ્રગતિ સાધવામાં વિદ્યુત્વેગને ધારણ કરી શકે તે માટે "સિધ્ધસમાજ"ની સંસ્થા હતી. પરંતુ દૃઢ મનોબળ, સંકલ્પશક્તિ, વિવિધ ક્રિયાઓના રહસ્યના યથાર્થ સ્વરૂપને સમજી શકનારા અધિકારસંપન્ન તથા વર્ગની સામાન્ય ભૂમિકાનું અતિક્રમણ કરનારા અભ્યાસલબ્ધ સાધકો માટે "સિધ્ધેશ્વરસમાજ"ની સંસ્થા સ્થાપવામાં આવી હતી. આ બંને સંસ્થાઓ અંતરંગ અને ગુપ્ત હતી તથા તેના નિયમો બહુ કડક હતા. તેમાં મંત્રતંત્રના પ્રયોગો, રસવિધા, અગ્નિ-ચયન જેવી ગૂઢ સાધના-ક્રિયાઓનો અભ્યાસ કરવામાં આવતો. તેમાં જેને તેને પ્રવેશ મળી શકતો નથી. આ સમાજના ઉત્સવો (શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, મહાશિવરાત્રી જેવા ખાસ દિવસોએ) રાત્રે ૯ થી ૧ સુધી ઉચ્ચ અધિકારી સાધકો દ્વારા

જ પાલન કરવામાં આવતા. શ્રી નર્મદાશંકર મહેતા કે શ્રી નગીનદાસ સંઘવી જેવા વિવિધ રહસ્યવિદ્યાઓના – મંત્રતંત્રના – સવિશેષ તજ્ઞો જ આ ઉત્સવોમાંથી સારો લાભ ઉઠાવી શકતા. સને ૧૯૦૬, ૧૯૦૭ અને ૧૯૦૮ – એ ત્રણ વર્ષ સુધી જ આ ઉત્સવો ઉજવાતા હતા. પ્રતિકૂળતા અને બદલાતા સમયસંજોગોને લીધે આ વર્ગાન્તર સમાજની અંતરંગ પ્રવૃત્તિ બંધ પડી હતી. વૈયક્તિક રીતે અગ્રણી સાધકો પોતાનો વિકાસ સાધતા હતા. આંદોલન વિદ્યા, પ્રાચીન ઋષિમુનિપ્રણીત દૂરદર્શનશ્રવણાદિનો અનુભવ વગેરે અદ્ભુતરસકથાનક જેવાં "નોનસેન્સ ગપ્પાં" નથી કે અંધવિશ્વાસુઓએ ગૃહીત કરી લીધેલા પરંપરિત વહેમો નથી પરંતુ વાસ્તવિક હકીકત છે એની પ્રતીતિ આ ઉત્સવો દ્વારા થતી હતી.

સામાન્ય રીતે સંવત્સરના સર્વ દિવસો અને જીવનની પ્રત્યેક ક્ષણ જાગ્રત ગાળવાનો આગ્રહ રાખનાર માટે ઉપયોગી છે. છતાં પણ મહાનપુરુષોની જન્મતિથિ કે પુણ્યતિથિના દિવસે અભિમુખ સાધકો પ્રતિ ચૈતન્યપ્રભાનો અથવા ઈષ્ટાનુગ્રહનો પ્રવાહ સવિશેષપણે વહેતો હોય છે અને તે સાધકના ઊર્ધ્વગામી બનવાના કે અધ્યાત્મનો અનુભવ કરવા માટેના અભ્યાસને સવેગ પુષ્ટિ આપનાર નીવડતો હોય છે, એમ શાસ્ત્રો અને અવતારી પુરુષો કહે છે. તેથી જ આ બંને દિવસોએ ઉત્સવો યોજાતા હોય છે. આધુનિક કાળમાં પણ મહાપુરુષોની જન્મજયન્તી ઉપરાંત પુણ્યતિથિએ પણ વિવિધ પ્રેરણાદાયક કાર્યક્રમો યોજાતા હોય છે.

સર્વત્ર ચૈતન્યપ્રકાશનો પારાવાર સિંધુ ઊછળી રહ્યો છે. તેનાં ઊછળતાં મોજાંઓની સપાટી પર અસંખ્ય દીપમાળાની જેમ જીવનનૌકાઓ સરતી હોય છે. એ પ્રકાશકેન્દ્રના આધારે જ પ્રત્યેક આત્મદીપનું પ્રકટીકરણ અને પ્રભાપ્રસારણ થતું હોય છે. અવતાર વિશેષ

વિભૂતિઓનો કરુણાપ્રવાહ એની જ્યોતિને જ્વલંત રાખવામાં પ્રેરણાભૂત બનતો હોય છે. આ ઉદ્દેશથી, ઇ.સ. ૧૯૦૩માં શ્રાવણ સુદ પાંચમે શ્રીમન્નૃસિંહાચાર્યજીની સંવત્સરી તિથિએ "ચિતિપ્રદીપ-પ્રકટીકરણોત્સવ" પાલન કરવાનો આરંભ કરવામાં આવ્યો. ત્યારથી આજ પર્યંત પ્રતિવર્ષ આ દિને પ્રસંગાનુરૂપ શાંતિ, ગાંભીર્ય અને ચિન્તનપૂર્વક સાધનસમારંભની માફક વિવિધ સંયમાદિ ક્રિયાઓ, ધાર્મિક વિધિ અને મનનશીલ અભ્યાસ વગેરેથી સદ્‌ગુરુની સાંકેતિક લીલા સાથે અનુસંધાન કરવામાં આવે છે. આ પ્રસંગે, ચૈતન્યભાવનો આવિર્ભાવ કરનારાં તથા સદ્‌ગુરુની સ્મૃતિનાં સંવેદનોને પુટ આપનારાં નવીન રચાયેલાં કીર્તનોનું રાત્રિકાળે સમૂહમાં ભક્તિભાવપૂર્વક સંકીર્તન કરવામાં આવે છે. મોટે ભાગે આ કીર્તન શ્રીવિશ્વવંદ્ય, શ્રીઉપેન્દ્રાચાર્ય અને બે ત્રણ અધિકારીઓનાં જ રચેલાં હોવાથી, તેનો દિવ્ય પ્રભાવ અનુભવવામાં આવે છે. દીપમાંથી દીપ પ્રકટાવવામાં આવે તેમ સ્વરૂપકેન્દ્રની પરમ ચિતિજ્યોતિમાંથી આત્મદીપક પ્રકટાવવા દરેક સાધક આ દિને અભીપ્સા સેવતો હોય છે. તેટલા માટે આ દિવસના તથા પછીથી તો શ્રી માસ્તરસાહેબ અને શ્રીઉપેન્દ્રાચાર્યજીના લીલાતનુની પુણ્યતિથિના દિવસોએ પણ પાલન કરવામાં આવતા આ ઉત્સવને ચૈતન્યજ્યોતિ અથવા ચિતિજ્યોતિ આવિષ્કરણોત્સવ એ નામથી પણ ઓળખવામાં આવતો. કારણ તેમાં જડજંગમ બહિરંતર સર્વમાં સાધક ચિતિજ્યોતિને ઝળહળતો અનુભવે છે :

"દશ દિશ ચિતિદ્યુતિ ન્યાળીને, નિજ અંતર નિજ બાહ્ય,
દૃષ્ટા ભૂલી દૃષ્ટૃત્વને, ચિતિદ્યુતિરૂપ સોહાય." (વિશ્વવંદ્ય;
("સુધાસ્ત્રોતસ્વિની", પૃ. ૨૯૪)

શ્રી ઉપેન્દ્રજયંતી–મહોત્સવ

વીસમી સદીની બીજી વીસીમાં શ્રેયસ્સાધક અધિકારી વર્ગે ફરી પાછું – જાણે પુનરુત્થાન કરીને – સૌનું સવિશેષ ધ્યાન ખેંચ્યું હોય તો તે શ્રીઉપેન્દ્રાચાર્યજીની જન્મતિથિએ થતા સવિશેષ ઉત્સવોથી. શ્રી રમણલાલ વ. દેસાઇ, પ્રો. ગોવિંદલાલ હ. ભટ્ટ, પ્રો. અતિસુખશંકર ત્રિવેદી, પ્રો. ભાઇલાલ પ્ર. કોઠારી, પ્રો. ચતુરભાઇ પટેલ વગેરે વિદ્વાનવર્ગ આ ઉત્સવ દ્વારા જ વર્ગની સાહિત્ય–કલાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયો હતો.

શ્રીઉપેન્દ્રાચાર્યજીની જન્મતિથિ કાર્તિક કૃષ્ણ પ્રતિપદાએ આવતી હોવાથી પ્રતિ વર્ષ તે દિને આ ઉત્સવ ઉજવાતો. ઇ.સ. ૧૯૨૦ થી આ ઉત્સવનો આરંભ થયો. આ ઉત્સવમાં શ્રી ગુરુપૂર્ણિમા શ્રીનૃસિંહચતુર્દશીના ઉત્સવોની ધાર્મિક – આધ્યાત્મિક પ્રણાલિકાઓનું પૂરેપૂરું પાલન કરવા ઉપરાંત, તેમાં બધી જ કક્ષાના સાધકો અને સજ્જનો, સ્ત્રીઓ અને બાળકોને સર્વાંગી પ્રગતિ માટેનું પાથેય પૂરું પાડી શકાય એ રીતનાં નવીન આકર્ષણો પ્રતિવર્ષ ઉમેરાતાં હતાં. પૂર્વના ઉત્સવોમાં એક સ્થાન પર બેસીને સમૂહમાં કીર્તનો ગવાતાં હતાં તેના બદલે રંગભૂમિ પરથી બોધક રસપ્રદ ગીત, ગરબા, નૃત્ય, સંવાદ વગેરે વિશાળ શ્રોતાસમૂહ સમક્ષ રજૂ કરવાની નવી રીતિ નીતિ દાખલ કરવામાં આવી. આથી તે પ્રકારની જરૂરિયાત સંતોષાય એ રીતના સાહિત્યનું સર્જન થવા લાગ્યું, એટલું જ નહીં પણ આ પ્રકારની પ્રવૃત્તિને "રસપર્ક્ષ"નું સંકેત આપનાર કલારસિક બ્રહ્મર્ષિ શ્રીઉપેન્દ્રાચાર્યજીની નૂતન દૃષ્ટિએ વિશ્વવંદ્યઉદ્યાનમાં સુંદર ત્રિખંડયુક્ત મંચનું અને ઓપનએર થિયેટરનું પણ નિર્માણ કર્યું. આ ઉત્સવોની સાંસ્કારિક પ્રવૃત્તિઓએ સાધકો ઉપરાંત વર્ગ બહારના પણ સુજ્ઞ સમુદાયના ચિત્તમાં એવું અજબનું આકર્ષણ કર્યું હતું, અને આ કાર્યક્રમમાં પણ એટલું બધું રસવૈવિધ્ય વિસ્તર્યું હતું કે પાછળનાં

વર્ષોમાં તો આ ઉત્સવોના કાર્યક્રમોનું બે રાત્રીમાં વિભાજન કરવામાં આવતું હતું. આ ઉત્સવ પ્રસંગે રાત્રી-કાર્યક્રમની ઘણીખરી વિગતો વિશે તથા તે માટે પ્રકટ થતી (આરંભમાં "કીર્તનાદિસાહિત્ય" અને પછી) "રસદર્શન"ની સાહિત્યસૃષ્ટિ વિશે શ્રીઉપેન્દ્રાચાર્યજીના સાહિત્યની સમાલોચનાના પ્રકરણ ૫માં ઉલ્લેખ કરેલો છે જ, એટલે અહીં તેની પુનરુક્તિ કરવાનું ઉચિત ધાર્યું નથી.

પરંતુ આ ઉત્સવના યોજકની રસવૃત્તિ, કલાદૃષ્ટિ અને માત્ર સાધકોના જ નહીં પણ સમસ્ત ગુજરાતની ભાવિ પેઢીના ઉત્કર્ષ માટેનું નિત્યચિંતન, સમયબળના સંદર્ભમાં વિચારતાં મનનીય અને પ્રશંસનીય છે. ધ્યાન, જપ, પૂજન, આરતી, સ્તોત્ર પાઠ, પ્રવચન વગેરે ઉત્સવનાં પરંપરિત અંગોને અવિકૃત કર્યા સિવાય, તેમાં સાત્ત્વિકતાપૂર્વક રસવૃદ્ધિ થાય એ રીતનું – અંતસ્તત્ત્વની નહીં પણ – બાહ્ય કલાસૌષ્ઠવની દૃષ્ટિએ થોડું થોડું સ્વરૂપાન્તર આણ્યું. ઉત્સવનાં સ્થાનોમાં, ભિન્ન ભિન્ન ક્રિયાઓની ક્રમયોજનામાં વૈવિધ્ય ઉમેરાયું. દા.ત. અગાઉ જે સ્થાનમાં સમુદાય બેઠો હોય તે જ સ્થાનમાં રાત્રિપર્યંતના બધા જ કાર્યક્રમો થતા. તેના બદલે શ્રીઉપેન્દ્રાચાર્યજીએ નવાં નવાં આકર્ષણો ઊભાં કર્યાં. શ્રીનૃસિંહાશ્રમ અને શ્રીવિશ્વવંદ્યઉદ્યાન – એમ બંને સ્થળોમાં કેટલાક કાર્યક્રમોનું વિભાજન કર્યું. વળી, વિશ્વવંદ્યઉદ્યાનની વિશાળતાનો પૂરેપૂરો લાભ ઉઠાવવા માટે, તંબુ-મંડપોની સહાયથી, ધ્યાન વગેરેની સંયમશાળા જુદી, તો પૂજન પ્રવચન વગેરે માટેની જગા અલગ, તો સાયંકાળે યુવકપ્રવૃત્તિ માટેની વ્યવસ્થા જુદી..... એમ એક જ કેન્દ્રસ્થ પ્રયોજનને પાર પાડનારા કાર્યક્રમોમાં રસવૈવિધ્યને સ્થાન મળ્યું.

આ ઉત્સવની માત્ર પુરુષ સાધકો જ નહીં પણ પ્રૌઢ સ્ત્રીઓ ઉપરાંત બાળકો, કિશોર-કિશોરીઓ અને યુવકયુવતીઓ પણ દોઢ બે માસ અગાઉથી ચાતકની ડોકે પ્રતીક્ષા કરતા. તેનું મુખ્ય કારણ આ ઉત્સવના કાર્યક્રમનું સર્વગ્રાહી આકર્ષણ હતું. તેમાં આબાલવૃધ્ધ સર્વ સાધકોમાં સુષુપ્ત રહેલી શક્તિઓને જાગ્રત કરવાની ઉત્તેજના હતી. નવોદિત બાલ સાધક-સાધિકાઓની સંસ્કારરુચિ ઘડાય, સર્જનશક્તિ ખીલે, સદ્અસદ્‌ને ઓળખવાની વિવેકબુધ્ધિ બલિષ્ઠ બને, તથા "સત્યં શિવં સુન્દરમ્"નાં રહસ્યો સમજવાની તક મળે.... એ પ્રકારની આયોજના હતી. આ બધું વર્ગના મૂળભૂત સિધ્ધાંતોથી સાધકને દૂર લઇ જતું વિષયાંતર ન હતું, પરંતુ અધ્યાત્મને જ આનુષંગિક તે તે સિધ્ધાંતોનું પૂરક અને પોષક પરિબળ રૂપ હતું.

માનસશાસ્ત્ર અને શિક્ષણના ક્ષેત્રમાં આજે એટલી બધી ઝડપથી પ્રગતિ થઇ રહી છે, તથા વિજ્ઞાનનાં સાધનોને લીધે જીવન એટલું બધું અદ્યતન બની રહ્યું છે કે ઉપરોક્ત ઉત્સવોની બાબતો (Items) માં આજે નાવીન્ય જેવું કાંઇ ન જણાય. પરંતુ તે સમયનો વિચાર કરતાં તો એમ જ કહેવાનું પ્રાપ્ત થાય કે, આધુનિક સમયમાં ફળરૂપે જે બાબતોનો આપણે અનુભવ કરીએ છીએ તેમાંની ઘણીખરી બાબતોની પહેલ અથવા તો સમ્યક્ રીતનો ભારપૂર્વક પ્રચાર ધર્મની ગાદી પર બિરાજતા શ્રીઉપેન્દ્રાચાર્યજીએ કર્યો હતો. જેમ શ્રી માસ્તર સાહેબ — આગળ જણાવી ગયા તેમ — ઘણા વિચારો દર્શાવવામાં ભારત અને ગુજરાતની દૃષ્ટિએ સમયની આગળ હતા તેમ શ્રીઉપેન્દ્રાચાર્યજી પણ જીવનોત્કર્ષ અને દેશોન્નતિ સંબંધી ઘણી સારી સારી બાબતોના પુરસ્કર્તા અથવા તો પ્રયોજક અને સંપોષક હતા. આપણે એક બે કાર્યક્રમોની રૂપરેખા જોઇએ :

શ્રીઉપેન્દ્રાચાર્યજીએ "જીવન ઘડો"ના મુદ્રાલેખને પુરસ્કૃત કરતું "શ્રેયસ્સાધક" સાપ્તાહિક સને ૧૯૩૩-૩૪ થી શરૂ કર્યું હતું. તેમાં મુખપૃષ્ઠ પર જ "શ્રેયસ્સાધક એટલે માનવજીવનની સર્વોત્તમતા" એમ છાપવામાં આવતું હતું. તેમાં ખાસ કરીને યુવકોને માર્ગદર્શન મળી રહે એ રીતના ચિન્તનપૂર્ણ પણ રસપ્રદ શૈલીમાં વિવિધ લેખો પ્રકટ થતા. શ્રી વિશ્વવર્ધ ઉર્ધ્વાનમાં શ્રીઉપેન્દ્રાચાર્યજીના અધિપતિપણા નીચે, વડોદરામાં ભણતા વિદ્યાર્થીઓ માટે "ચારિત્ર્યમંદિર" ચલાવવામાં આવ્યું હતું. તેમાં સવારના પાંચથી રાત્રીના દસ પર્યંતનો (શાળા-કૉલેજનો સમય બાદ કરીને) કાર્યક્રમ એવો સરસ રીતે ગોઠવવામાં આવ્યો હતો કે જેના લીધે સ્વાશ્રય, સાદાઇ, સ્વચ્છતા, સંપ, સહકાર, નિયમિતતા, પુરુષાર્થપ્રવણતા, વૃત્તિની પ્રસન્નતા, શિસ્ત, સંયમ આદિ ચારિત્ર્યઘડતરના અગત્યનાં ટેવો અને સંસ્કારોનું સિંચન થતું. પ્રભાતે વહેલું ઊઠવું અને ઠંડા પાણીથી સ્નાન કરવું તથા વિવિધ વ્યાયામપ્રવૃત્તિ કરવી.... આ કાર્યક્રમ (Item) તો આધુનિક હૉસ્ટેલોમાં કે બોર્ડિંગમાં રાખવામાં આવે છે પણ તે કાગળ ઉપર ! તેના નિયમોના ચુસ્ત પણ આનંદપૂર્વક પાલન માટે આગ્રહ રાખવામાં આવતો નથી. વળી હૉસ્ટેલ-બોર્ડિંગના નિયામક માટે તેનાં ધારાધોરણો બંધનકર્તા હોતાં નથી ! પણ અહીં તો એક ધર્માચાર્ય પોતે જ પ્રાતઃકાલે જાગ્રત થવા માટે ઘંટાનાદ થાય ત્યારથી માંડીને રાત્રીએ પ્રાર્થનાપૂર્વક શયન માટે પ્રવૃત્ત થવાય ત્યાંસુધીની દરેક ક્રિયામાં છાત્રોની સાથે જોડાતા અને આદર્શ ઉદાહરણ પૂરું પાડતા.

"શ્રેયસ્સાધક"માં પ્રથમ પાને તેઓશ્રી વિદ્યાર્થીઓ માટે "નિત્યસંદેશ" લખતા તે લખાણ તેમને માટે કેવું પ્રેરણાદાયક નીવડતું તે વિશે આગળ ઉલ્લેખ થઇ ગયો છે.

આ "શ્રેયસ્સાધક"ના આસો માસના અંકમાં, આગામી કાર્તિક માસના બંને ઉત્સવોની પૂર્વ-તૈયારી રૂપ પ્રેરક કાર્યક્રમ પ્રસિધ્ધ કરવામાં આવતો. તેમાંની કેટલીક વિગતો જોઇએ :

<u>ઉત્સવપૂર્વેનું ધર્મકર્તવ્ય :</u>

ઉત્સવપૂર્વે પંદર કે ત્રીસ દિવસ સુધી રોજ સવારે સ્નાન કરીને પ્રાણાયામ અથવા અમુક મંત્રનો જપ, સ્તોત્રપાઠનાં આવર્તન કે એવી જ બીજી ચિત્તને શુધ્ધ અને એકાગ્ર કરવાની ક્રિયા કરવાનું જણાવવામાં આવતું. બાલકોને માત્ર "ગુરુ ૐ "ના જપ કરવાનું જણાવવામાં આવતું. વધારેમાં વધારે સંખ્યામાં જપ કરનારને ઇનામ આપવામાં આવતાં.

ઘણી વખત, વર્ગના ગ્રંથો પૈકી "ભામિનીભૂષણ", "પંચવરદવૃત્તાન્ત", "સિધ્ધાન્તસિંધુ" વગેરેમાંથી કથાપ્રસંગની પસંદગી કરીને તેનું ઉત્તમ રીતે કથન કરવાનો ક્રમ રખાતો. એવા ચૂટેલા પ્રસંગોનો અભ્યાસ કરવાનો અને ઉત્સવના દિવસે સભા સમક્ષ શ્રીઉપેન્દ્રભગવાન અથવા તેઓ આજ્ઞા કરે તે વડીલ સાધક અભ્યાસાર્થીને પૂછે તે પ્રશ્નોના યથાર્થ ઉત્તરો અને તેની સમજૂતી આપવાનો પણ ક્રમ રાખવામાં આવતો.

૧૬-૧૭ વર્ષ સુધીનાં કિશોર-કિશોરીઓ માટે તેમને અનુરૂપ કાર્યક્રમ રહેતો. દા.ત. ભારતીસ્તોત્ર અથવા ગીતાના શ્લોકો શુધ્ધ ઉચ્ચાર સહ શાંતિથી ભાવપૂર્વક મોંઢે બોલી જનારને ઇનામ આપવાનું જણાવવામાં આવતું. ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા વગેરે પૂર્વકાલનાં મહાન બાળકો વિશે મોંઢે વાર્તારૂપે તો પ્રશ્નોત્તરરૂપે કહી જવાનું જણાવાતું. શીર્ષ, સર્વાંગ, હલ, ધનુષ, શવ, પદ્મ, ભુજંગ, સ્વસ્તિક વગેરે આસનો શીખીને તૈયાર થઇને આવવાનું જણાવાતું. થાય, જાય....., વડી, ઘડી...., પ્રકટ, નિકટ....

એમ વધુમાં વધુ પ્રાસ લખી લાવવા ઉપરાંત એવી ઘણી નવી શાબ્દિક બૌદ્ધિક રમતો પણ જણાવવામાં આવતી.

સ્ત્રીવિભાગ માટે પણ અલગ પારિતોષિક યોજના હતી. તેમને માટે ઉપર જણાવેલા પ્રકારના કાર્યક્રમો ઉપરાંત લલિતકળા, ગૃહઉદ્યોગ, સાધનસજાવટ, પાકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરેમાં તેમના પ્રાવીણ્યને કસોટીએ ચઢાવનારો અભ્યાસક્રમ સૂચવાતો. બાલિકાઓ, યુવતીઓ અને પ્રૌઢવયની બહેનો ભક્તિભાવ ઉપરાંત હોંશે હોંશે ઉત્સાહપૂર્વક આ બધા કાર્યક્રમોમાં ભાગ લેતી. અમુક આકારની દીવેટો બનાવવી ; કેળાં, બાજરીનો લોટ, કે અમુક મર્યાદિત સામગ્રીમાંથી વધારેમાં વધારે અથવા વર્ણવ્યા પ્રમાણેની આસ્વાદ્ય વસ્તુઓ બનાવવી ; ક, ખ, ગ.... અક્ષરથી શરૂ થતાં સદ્‌વિચારયુક્ત સુંદર વાક્યો રચવાં, અથવા વર્ગના ગ્રંથોમાંથી તેવાં વાક્યો પસંદ કરી વધારેમાં વધારે સંખ્યામાં લખી મોકલવાં. ફોટોગ્રાફ, ચિત્રકામ, માટીકામ, શીવણભરત વગેરેના નમૂના પણ મંગાવવામાં આવતા અને તેનું સુંદર પ્રદર્શન ઉત્સવના દિવસે ગોઠવવામાં આવતું. આચાર્યશ્રી પોતે પ્રદર્શનમાં ફરતા, વસ્તુઓની બનાવટ, વિધિ, અર્થ વગેરે વિશે જે તે બાલક, યુવક કે યુવતીને પ્રશ્નો પૂછી ઉત્સાહિત કરતા અને ઈનામો પણ આપતા.

આંધળીદોડ, સોયદોરો, કોથળા દોડ, લીંબુચમચો વગેરે તે વખતે તદ્દન નવી કહી શકાય એવી – હાલમાં અતિપ્રચલિત – રમતોનો પણ તેમાં સમાવેશ થતો. દસથી સો સુધી વસ્તુઓને ક્ષણવાર બતાવીને પછી તેની યાદી જલદીથી તૈયાર કરવાની સ્મરણશક્તિની રમત પણ તે વખતે સાવ નવી હતી.

મહિલા વિભાગ માટેની સૌથી મહત્ત્વની અને વધુ આકર્ષક સ્પર્ધા બે બાબતો માટે હતી. (૧) રંગોળી હરીફાઇ અને (૨) રસહાટ.

રંગોળી હરીફાઈ માટેના ઓરડા પ્રથમથી સ્વચ્છ કરાવી, ત્યાં દરેક હરીફને માટે પૂરતી જગા ફાળવી આપવામાં આવતી અને રંગોળી માટે જરૂરી સાધનો પણ પૂરાં પાડવામાં આવતાં. મોટી બહેનો અને નાની બહેનો – અલગ અલગ વિભાગમાં – નિયત કરેલા સમયની મર્યાદામાં રહીને, ભક્તિભાવપૂર્વક સુંદર કલારચનાઓનું સર્જન કરતાં. એ અનેરું દૃશ્ય હતું, એમ સાધકો જણાવે છે. કેટકેટલા છૂપા ચિત્રકારો અને કલાકારોની પ્રતિભાને તેમાં પ્રકટ થવાનો મોકો મળયો હશે !

તે જ રીતે, જાતજાતની ખાદ્યપેય વાનગીઓ બનાવી લાવવાનું અગાઉથી જણાવવામાં આવતું. આજે જેને શભુમેળા જેવું – રજોગુણી વાતાવરણ સર્જતું – "આનંદબજાર" કહીએ છે તેવું નહીં.... પરંતુ સાત્વિક ભાવનાને પોષણ આપતો, સુઘડતા, સુવ્યવસ્થા, શિક્ષણ અને સંસ્કારની પ્રતિભા–પ્રભા અને સાથે સાથે જીવનઘડતરની દૃષ્ટિનાં દર્શન કરાવતો "રસહાટ"નો કાર્યક્રમ તે વખતના વડોદરા (કદાચ ગુજરાત) માટે અપૂર્વ અને રમણીય હતો. શ્રીઉપેન્દ્રાચાર્યજી અને રસજ્ઞ સાધકરત્નો તથા બહેનો, દરેક સ્થાન (Stall) પર રોકાતા, વાનગી ચાખતા, વાનગીની વસ્તુઓના અને તેના મિશ્રણનાં માપ અને ભાવતાલ પૂછતા, પ્રસાદ પ્રોત્સાહન અને છેવટે પારિતોષિક આપતાં.

આ પ્રકારના આયોજિત કાર્યક્રમો ઉત્સવના દિવસે બપોર પછી થતા. તો રાત્રે "રસદર્શન"ના કાર્યક્રમમાં તો સાહિત્ય સંગીત અને નૃત્યની રસછોળો ઉછળતી. આ રીતના ઉત્સવોથી સાધકો અને તેમનાં સંતાનોનાં તનમન પ્રફુલ્લિત થતાં એટલું જ નહીં પણ કાર્યક્રમનાં વિવિધ અંગોમાં ભાગ લેવા ઉત્સુક બની ઉત્સાહભેર તૈયારી કરતા. શ્રીઉપેન્દ્રભગવાનની આ યોજના પાછળ એક જ હેતુ હતો કે, મન બુધ્ધિ આત્માના વિકાસ માટે

તે અત્યંત ઉપયોગી હોવાથી, પોતાને તથા અન્ય યુવકોને યોગ્ય કર્તવ્યનું ભાન જાગૃત થાય; બાળકો અને યુવકો પોતાની સંપૂર્ણ શક્તિનો સુંદર રીતે વિનિયોગ કરીને દર્શાવેલી ક્રિયા કરવામાં તત્પર રહે તો ક્રમે ક્રમે ભાવિ જીવન ઉત્તમ પ્રકારે ખીલતું રહે; સ્ત્રીવર્ગ પણ ધર્મક્રિયાને સાધતાં સાધતાં કલાને, વક્તૃત્વને અને લેખનશક્તિને સિધ્ધ કરવા ઉત્સાહી બને તો તેમનો સંસારવ્યવહાર ઉત્તમ આદર્શરૂપ બનતો જાય. અંતે તો સદ્‌વિચાર, સદ્‌બુધ્ધિ અને સુષુપ્ત ચૈતન્યને જાગ્રત-પ્રદીપ્ત કરવાનું જ પ્રયોજન ઉત્સવનું હોય છે ને ?

આમ આ ઉત્સવે સાહિત્ય, કલા અને સંસ્કારના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો.[૧]

---

૧. સરખાવો :-

"શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્થાપિત શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગની વિશેષતા એ છે કે એણે કેવળ સામાન્યોને જ નહિ પણ ગુજરાતના બુધ્ધિપ્રવણો (Intellectuals) ને પણ પોતાના તરફ આકર્ષ્યા. એ વર્ગ તરફથી યોજાતા સાધનસમારંભો કે વાર્ષિક ઉત્સવોમાં રૂઢિગત ક્રિયાકાંડની કઠોરતાને બદલે ભાવનાત્મક જીવનશુધ્ધિ દ્વારા આમુષ્મિક જીવનનું પાથેય મેળવવાની ધર્મપ્રવૃત્તિ એક આનંદજનક વ્યાપારનું સ્વરૂપ પામી. એણે સામાન્ય માનવીનો વિચાર કરી તેની ભૂમિકા પર રહી તેનામાં ધર્મદૃષ્ટિ જાગૃત થાય એવાં નવાં ઉપકરણો યોજ્યાં, જેમાં ધારણા ધ્યાન વગેરે ઉપરાંત આબાલવૃધ્ધ સૌની ચિત્તપ્રસન્નતા સધાય એવાં પ્રભુભક્તિ અને ગુરુભક્તિનાં ગીતો, ભજનો, રાસ, સંવાદ વગેરેનો સમાવેશ થાય છે."

(પ્રો. ભાઈલાલ પ્ર. કોઠારી : "વિવેચનસંચય", પૃ. ૮૬)

હવે આપણે વર્ગનાં સામયિકો પર ઊડતી નજર નાખી જઇએ.

સર્વશ્રી નર્મદાશંકર મહેતા, નગીનદાસ સંઘવી, જેકિસનદાસ કણિયા, નગીનદાસ મહેતા વગેરે વર્ગના વિદ્વાન પંડિતોની તાત્ત્વિક વિષયો પરની શાસ્ત્રીય વિશદ વિવેચના કરતી મોટાભાગની લેખમાળાઓ "મહાકાલ" માસિકમાં અને વર્ગના બે પ્રધાન ઉત્સવો પર પ્રતિ વર્ષ પ્રસિધ્ધ થતી "સદ્દુપદેશશ્રેણી"માં પ્રસિધ્ધ થતી હતી, તેનો નિર્દેશ આગળ કરવામાં આવ્યો છે જ. તે પૈકી "સદ્દુપદેશશ્રેણી"ને વર્ગ બહાર વ્યાપક સ્વરૂપ મળ્યું ન હતું. તેમાં પ્રસિધ્ધ થતા લેખો અને ઉત્સવો પર થયેલાં વ્યાખ્યાનોના વિષયો જો કે સાર્વજનીય અને તાત્ત્વિક કોટિના હતા છતાં એ શ્રેણી તો ઉત્સવ પ્રસંગે સક્રિય ભાગ લેનાર સાધકો ઉત્સવના સ્થળ પરથી જ મેળવતા અને તેનો અભ્યાસ-આસ્વાદ માણતા. તેમના દ્વારા બીજા અસંખ્ય વાચકો તેનો લાભ લેતા, એ જુદી વાત છે.

"મહાકાલ"તો ગુજરાત-સૌરાષ્ટ્રવ્યાપી સાર્વજનિક (માત્ર વર્ગીય નહીં) માસિક પત્ર બન્યું હતું. સાધકો ઉપરાંત ઇતર જિજ્ઞાસુ સજ્જનોની ગ્રાહકસંખ્યા અનેકગણી હતી. એ જ તેની વ્યાપકતાની એંધાણી હતી.

ઇ.સ. ૧૮૮૬-૮૭ના અરસામાં વર્ગના સાધકોના અને સમસ્ત ગુજરાતની જ્ઞાનપિપાસુ જનતાના હિતચિંતક શ્રીમાન્ માસ્તર સાહેબના ચિત્તમાં આદર્શ સામયિક શરૂ કરવાનાં વિચારાંદોલનો પ્રવર્તતાં જ હતાં, પરંતુ તેઓ સદ્દગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીની આજ્ઞા કે અનુમતિ વિના કોઇપણ પ્રવૃત્તિનો પ્રારંભ કરતા નહીં. એ જ અરસામાં આચાર્યશ્રીના બે ગ્રંથો "શ્રી ભામિનીભૂષણ" પ્રથમ ભાગ અને "શ્રી સિધ્ધાન્તસિંધુ"

પ્રથમ રત્ન પ્રકટ થયા હતા. કોઇ ભદ્રિક શ્રેયસ્સાધકના અત્યંત પ્રેમપૂર્વક થયેલા નિમંત્રણને અનુસરીને શ્રીમન્નૃસિંહાચાર્યજી, થોડાક અગ્રણી સાધકો સહ નડિયાદ પધાર્યા હતા. ત્યાં નડિયાદનિવાસી જનતાએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું અને તેમના સમાગમનો લાભ પણ લીધો હતો. તેમાં ધર્માનુરાગી શ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી અને શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદી જેવાં સાક્ષરરત્નો પણ હતાં. એ પ્રસંગનો વિસ્તાર કરવાની અત્રે આગત્ય નથી. પરંતુ "સુદર્શન" માસિકમાં શ્રી મણિભાઇએ શ્રીમન્નૃસિંહાચાર્યજી અને તેમના ઉપરોક્ત બે ગ્રંથો વિશે આરંભમાં પ્રશસ્તિાત્મક નોંધ લખીને છેવટે "ભામિનીભૂષણ" વિશે એવા ભાવનું લખ્યું હતું કે,

"આજકાલ શાસ્ત્રમાર્ગ ત્યજી આર્ય સન્નારીનું સ્વરૂપ સમજયા વિના પાશ્ચાત્ય સ્ત્રીવૃત્તની વાતોથી મોહિત થઇ "સુધરેલા" લોક અવળા ચઢ્યા છે, તેમને ખરો માર્ગ સમજાવવામાં કથાની નહીં પણ દલીલની, ને ઉદાહરણપૂર્વક ઇતિહાસપરીક્ષા કરાવવાની જરૂર છે....." વિગેરે.

અભિપ્રાયભેદ અથવા સમાન અભિપ્રાયોની અભિવ્યક્તિમાં શૈલીભેદ હોઇ શકે. પરંતુ ધર્મ સંરક્ષણ માટેની પધ્ધતિ વિશે બધા જૂના પરંપરિત વિચાર અને માર્ગને જ ચુસ્તપણે વળગી રહેવાની સંકુચિતતા અને દુરાગ્રહવૃત્તિ, ઉદાર હૃદયના આચાર્યશ્રીમાં તથા તેમના પટ્ટશિષ્ય શ્રી માસ્તર સાહેબમાં ન હતી. સ્ત્રીઓની કેળવણી અને જાગૃતિ તથા સત્સંસ્કારોના વિતરણ-પ્રસારણ વિષયમાં આ બંને મહાપુરુષોનાં તમામ લખાણોનું ઊંડું અધ્યયન કરનારને તેઓની વિશાળ દૃષ્ટિની પ્રતીતિ થયા વગર રહેશે નહીં. આર્ય સન્નારીનું પદગૌરવ ક્ષત કર્યા સિવાય, સમાજનાં બંને અંગોનું

વ્યક્તિત્વ પૂર્ણકલાએ ખીલી ઉઠે તે માટે તો તેઓએ તેમનાં તમામ પુસ્તકોમાં ગૃહસ્થાશ્રમનું ગૌરવ ગાયું છે, એ વાતની હવે આ મહાનિબંધમાં પુનરુક્તિ કરવાની જરૂર નથી. વિશેષમાં, "ભામિનીભૂષણ" અને શ્રી માસ્તર સાહેબ રચિત "યોગિનીકુમારી" કૃતિઓ આજ પર્યંત એવું આકર્ષણ જાળવી રાખી છે, એ જ એની મહત્તા પૂરવાર કરે છે.

આ ઐતિહાસિક જેવી બાબતનો ઉલ્લેખ કરવાનું પ્રયોજન એટલું જ કે શ્રી માસ્તરસાહેબ, શ્રી સંઘવી જેવા કેટલાક વિધ્વાન સાધકોના ચિત્તમાં શ્રી મણિલાલ નભુભાઇનાં ઐકાન્તિક અભિપ્રાય વચન ખૂંચવા લાગ્યાં અને પ્રત્યુત્તર આપવાની વૃત્તિએ વેગ પકડયો. પરંતુ સદ્‌ગુરુની અનુમતિ ન મળતાં આ શ્રધ્ધામૂર્તિ સાધકોએ વૃત્તિનું શમન કર્યું. તેમ છતાં, આ પ્રસંગ પરથી શ્રી માસ્તરસાહેબના મનમાં પ્રવર્તતા આંદોલનને વાચા મળી. તેજસ્વી સાધકોએ સદ્‌ગુરુ સમક્ષ વિજ્ઞપ્તિ રૂપે રજૂઆત કરી કે, ખંડનમંડન માટે કે વર્ગના પ્રચાર માટે પણ નહીં પરંતુ આર્ય સનાતન ધર્મના મૂળભૂત સિધ્ધાંતોનો સત્ય પ્રકાશ કરવાના તથા ધર્મક્ષેત્રમાં પ્રવર્તતી અણસમજ કે ગેરસમજણ દૂર કરવાના અને તે દ્વારા અધ્યાત્મજીવનનાં મૂલ્યોનું સંમાર્જન કરવાના શુભ પરોપકારપ્રવણ આશયથી વર્ગે પોતાનું એકાદ પત્ર શરૂ કરવાની જરૂર છે. શુભ સંકલ્પને સદ્‌ગુરુની સંમતિ અને આશિષ મળતાં, 'शुभस्य शीघ्रम्।' એ સૂત્રાનુસાર "મહાકાલ" માસિકનો મંગલ પ્રારંભ સં. ૧૯૪૫માં (ઇ.સ. ૧૮૮૮) કાર્તિક કૃષ્ણ ચતુદર્શીએ શ્રીમન્નૃસિંહાચાર્યજીના જયંતી દિનથી થયો.

આ કાર્યને આરંભ થતાં વાર ન લાગી એનું મુખ્ય કારણ સમર્થ આચાર્યશ્રીની સન્નિધિમાં રહેલું વ્યુત્પન્ન વિધ્વાનોનું વર્તુળ હતું. શ્રીમાન્ માસ્તર સાહેબ જેવા વિધ્વાન અને ઉચ્ચકોટિના સાધક અને દૃષ્ટિસંપન્ન સંયોજક હોવાથી, અન્યને કઠણ લાગતું આ સાહસ વર્ગ માટે સુગમ અને સરળ હતું.

પ્રથમ વર્ષના અંકોનું કદ નાનું હતું અને તેમાં માત્ર આચાર્યશ્રીનાં જ લખાણો પ્રસિધ્ધ થતાં. કોક કોક વખતે સદ્‌ગુરુની આજ્ઞાથી શ્રી માસ્તરસાહેબના "વાણી-નિરોધ" જેવા લેખો અને એક બે વિધ્વાનના લેખો પ્રકટ કરવામાં આવ્યા હતા. "મહાકાલ"ના પ્રાકટ્યે ગુજરાતમાં - ગુજરાતી ભાષાના વાચકોમાં અનેરું આકર્ષણ અને કુતૂહલ ઊભું કર્યું હતું.

પરંતુ સં. ૧૯૫૩ (ઇ.સ. ૧૮૯૭)માં શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સ્વરૂપાવસ્થાન થયું. પ્રિય અને પ્રશંસાપાત્ર બનતા જતા "મહાકાલ" માટે ઘણાનાં દિલમાં ચિંતા પ્રકટી. સાધક સમુદાયે અને "મહાકાલ"ના ગ્રાહકોએ શ્રી માસ્તર સાહેબને "મહાકાલ" ચાલુ રાખવા વિનંતી કરી. ઈષ્ટસંકેતાનુસાર "મહાકાલ" માસિકે નવું પ્રસ્થાન આદર્યું, કાયાપલટ કરી - અલબત્ત એનો આત્મા તો અવિકૃત રહ્યો. શ્રી માસ્તરસાહેબે તેનું કદ વિસ્તાર્યું એટલું જ નહીં પણ ધીમેધીમે તેમાં વૈવિધ્ય આણ્યું. તે સમયની "મહાકાલ"ની ફાઇલો જોતાં જણાશે કે "મહાકાલ"ના જેટલું અને જેવું છતાં ઉચ્ચ પ્રતિનું વૈવિધ્ય તે સમયના કોઇ સામયિકમાં જોવા નહીં મળે. વર્ગના વિધ્વાન સાધકોની સુષુપ્ત શક્તિઓ ઇષ્ટસંકેતની જ રાહ જોઇ જાણે ઉત્સુક થઇ રહી હતી. શ્રી માસ્તર સાહેબને સહકાર આપવાનો તેમનો તો ધર્મ જ હતો. આરંભમાં મોટાભાગનું લખાણ શ્રી માસ્તરસાહેબનું જ પ્રસિધ્ધ થતું. પણ ધીમે ધીમે શ્રી જેકિશનદાસ કણિયા, શ્રી નર્મદાશંકર મહેતા, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી મણિશંકર હરગોવિંદ ભટ્ટ, સ્વપ્નશીલ શ્રી કૌશિકરામ મહેતા વગેરે કેટકેટલા વિધ્વાનોની કલમો ઝળકવા લાગી ત્યારે ખુદ સાધકોને અને જનતાને પરમ આશ્ચર્ય થયું કે આવા ઉચ્ચકોટિના સાક્ષરો અને વિધ્વાનો ગુજરાતમાં વસે છે !

શ્રી માસ્તરસાહેબની દૃષ્ટિ પ્રચાર તરફ નહીં પણ જનતાના સર્વતોમુખી ઉત્કર્ષ તરફ હતી. તેથી એકબાજુથી તેમણે સાહિત્ય,

શાસ્ત્ર, વિજ્ઞાન વગેરે શાસ્ત્રીય વિષયક ઉપરોક્ત વિદ્વાનોના ગંભીર શૈલીનાં લખાણોને પ્રસિધ્ધ કર્યાં, તો તે જ અંકોનાં અર્ધ ઉપરાંત પૃષ્ઠોમાં આરોગ્ય, ઉદ્યોગ, કર્તવ્યપરાયણતા, હુન્નર, કલા, સ્ત્રીકેળવણી, સમાજજીવન વગેરે દૈનિક જીવનને સુખમય બનાવનારા - પ્રેયસમાં ગણાવી શકાય તેવા પણ - પાયાના પ્રાણપૂરક પ્રશ્નોને સરળ, સુબોધમય છતાં તેજસ્વી શૈલીમાં ચર્ચતા લેખો પણ પોતે જ લખવા માંડયા. શ્રીમન્નૃસિંહાચાર્યજીનુ સ્વરૂપાવસ્થાન થયા બાદ, અનેક સાધકોના પ્રેમાગ્રહને વશ થઇ શ્રી માસ્તરસાહેબે સદ્ગુરુના જીવનપ્રસંગો પર પ્રકાશ પાડતી "શ્રીનૃસિંહલીલામૃત"નામની લેખમાળા શરૂ કરી હતી. પરંતુ સં. ૧૯૬૦ થી આરંભાયેલી "યોગિની" વાર્તાએ તો સાધકો ઉપરાંત વર્ગ બહારના સજ્જનો - વિદ્વાનોનું પણ સવિશેષ ધ્યાન ખેંચ્યું હતું તથા "મહાકાલ"ના વાચકો-ગ્રાહકોની સંખ્યા અકલ્પ્ય રીતે વધી ગઇ હતી.[1] અગાઉ જોઇ ગયા છીએ તે પ્રમાણે "યોગિની" વાર્તાનું જનસમાજમાં એવું ચમત્કારિક આકર્ષણ થવા પામ્યું હતું કે સં. ૧૯૬૭ ના ભાદ્રપદ માસ સુધી લંબાયેલી આ વાર્તાને લીધે અનાયાસે વર્ગ અને વર્ગની વિવિધ પ્રવૃત્તિઓ આમ જનતાને માટે કુતૂહલનો વિષય બની ચૂકી હતી. "જ્વાલામાંથી પ્રાદુર્ભાવ" નામની બીજી નવલકથા પણ માસ્તરસાહેબે શરૂ કરી. વર્ગની - તેમાંય વિશેષત: વિશ્વવંદ્ય માસ્તરસાહેબની - સાહિત્યપ્રવૃત્તિથી પ્રભાવિત થયેલા "મોરબી આર્યસુબોધ નાટક કંપની"ના માલિક શ્રી મૂળજીભાઇ આશારામ ઓઝાએ તો પોતાની કંપની માટે બોધક રસપ્રદ નાટક લખી આપવાની માસ્તરસાહેબને "ઓફર" રૂપે વિનંતી કરી હતી. સદ્ગુરુમય બનેલા માસ્તરસાહેબે આથી યોગસિધ્ધ શ્રીમન્નૃસિંહાચાર્યજીની બોધપ્રધાન વાર્તા "સતી સુવર્ણા"નું નાટ્ય રૂપાંતર કરવાની શુભ પ્રવૃત્તિ આરંભી હતી. સં. ૧૯૬૮ના

પોષ માસના "મહાકાલ"થી ઉપરોક્ત નાટ્યરૂપાંતર કકડે કકડે પ્રકાશિત થયેલું જોવા મળે છે.

તેમની વિવિધ વિષયો પરની રસપ્રદ લેખમાળાએ તેમાંની નિર્વ્યાજ નિખાલસતા, કટુતા કે દંશનો અભાવ, તર્કયુક્ત દલીલો અને પ્રસન્નપ્રવાહી ગદ્યને લીધે તત્કાલીન ગુજરાતી વાચકો પર જાદુઇ અસર કરી હતી અને તેથી "મહાકાલ"ના અંકો પ્રગટ થતાની સાથે જ ચપોચપ ઉપડી જતા. વાચકો પણ તેમના આ પ્રિય અંકોની ઉત્કંઠાપૂર્વક ચાતકડોકે એટલી ઉત્કટ પ્રતીક્ષા કરતા કે તેમાંના કેટલાંક અધીરા સજ્જનો તો અંક પ્રગટ થતા પૂર્વે જ ન મળયાની ફરિયાદ નોંધાવતા ! આથી માસ્તરસાહેબને યથાસમયે "મહાકાલ"માં વિજ્ઞપ્તિ રૂપે જાહેરાત કરવી પડતી :

"મહાકાલને વાંચવાની અનેક સજ્જન ગ્રાહકોને એટલી બધી આતુરતા હોય છે કે મહાકાલ પ્રત્યેક માસની વદ ૧૪ ઉપર પ્રકટ થાય છે, એ તેઓ વિસરી જાય છે, અને તેથી ચાલતાં માસની શુદ ૧૦ સુધીમાં તેમને અંક નથી મળતો તો ઉપરાઉપરી પત્રો લખે છે. મહાકાલ પ્રતિ આવી અપૂર્વ ભક્તિને માટે આ સજ્જનોનો ઉપકાર માનવામાં આવે છે, અને તેમને સ્મરણ કરાવવામાં આવે છે કે પ્રત્યેક માસની વદ ૧૪ ઉપર તે પ્રકટ થતું હોવાથી ચાલતા માસની શુદમાં નહિ, પણ બીજા માસની શુદમાં જ તે પ્રાપ્ત થવું સંભવે છે." [૧]

---

૧. "પ્રાસંગિક ઉક્તિઓ ને સુહૃત્પુષ્પાંજલિ", પૃ. ૧૩૧

સરખાવો :-

"The magazine became so popular that it found a place in almost every cultured family of Gujarat and Kathiawar and its appearance was eagerly awaited at the end of every month". ('Shri Nrusinhacharyaji'), by H.M.M. ; Page No.12).

વાચકો તરફથી આવો ઉમળકાભર્યો સહકાર અને વિશાળ પ્રસિધ્ધિ મળતી હોવા છતાં આ નિર્મોહી નિઃસ્વાર્થી નિખાલસ સાધુપુરુષ "મહાકાલ"નો વર્ગના વિસ્તાર-પ્રસ્તાર અર્થે પ્રચારાત્મક માધ્યમ તરીકે બિલકુલ ઉપયોગ કરતા ન હતા. તેઓ તો વર્ગને, તેની અનેકવિધ પ્રવૃત્તિઓને તથા પ્રસ્તુત માસિકને પવિત્ર સાર્વજનિક સેવાકાર્ય માની, પોતે "મહાકાલ"ના તંત્રી હોવા છતાં તેનું નિયમિત લવાજમ ભરતા. કેવી અપૂર્વ કર્તવ્યપરાયણતા !

"મહાકાલ"માં જ એકસ્થળે આ સાધુચરિત આર્ષદ્રષ્ટા મહાત્મા સ્પષ્ટતા કરે છે :-

"શ્રેયસ્સાધક અધિકારી વર્ગનું બલ, મનુષ્યોની સંખ્યા વધારવામાં જ આ વર્ગ માને છે, એમ જો કોઇ ધારતું હોય તો તેમ ધારવામાં તે ભૂલ કરે છે. મનુષ્યોની સંખ્યા વધારવાનો જ જો આ વર્ગનો ઉદ્દેશ હોત તો તે આજસુધી હજારો નહિ, પણ લાખો મનુષ્યોને પોતાના અનુયાયી કરી શકત. પરંતુ આ પ્રકારની વધારેલી સંખ્યા એ કવાયત વિનાના, જ્યાં ત્યાંથી પકડી આણેલા ભાડુતી લશ્કર જેવી છે. ભવસમરાંગણમાં વિજય મેળવવાની યોગ્યતાવાળા પુરુષો જ શ્રેયસ્સાધક અધિકારી વર્ગમાં પ્રવેશ કરવાના અધિકારી ગણાય છે, અને આવા શ્રેયસ્સાધકોની આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલી થોડી સંખ્યાથી પણ આ વર્ગ પોતાને અનેક અક્ષૌહિણી સૈનિકોની સેનાથી પણ અધિક બળવાન માને છે. આથી પોતાના જ સામર્થ્યની મસ્તીમાં મસ્ત રહેતો આ વર્ગ, પોતાની સંખ્યામાં વધારો કરવાની ક્લિષ્ટ સ્પૃહાથી રહિત રહે છે."[1]

---

૧. "મહાકાલ", પુ. ૧૮, સંવત્ ૧૯૬૨ આષાઢ.

"મહાકાલ" માસિકમાં અનેકવિધ વિષયો પરની શાસ્ત્રીય અને તાત્ત્વિક ચર્ચા હોવા છતાં વ્યવહાર તેમ જ પરમાર્થ અને વિષયોની કક્ષા ઉચ્ચ પ્રતિની હતી. આથી શ્રેયસ્સાધક અધિકારી વર્ગે સં. ૧૯૫૯ના કાર્તિક કૃષ્ણ ૧૪થી મુખ્યત્વે વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને "પ્રાતઃકાલ" નામનું માસિક આરંભમાં નાના પાયા પર કાઢવા માંડ્યું. અજ્ઞાનરૂપી અંધકારને કોમળ કિરણો દ્વારા "પ્રાતઃકાલ" દૂર કરે છે અને ધીમે ધીમે નિર્મળ, શાંત અને સુરમ્ય પ્રકાશ પાથરે– વિસ્તારે છે, તેમ વ્યવહાર અને પરમાર્થના વિષયો વિશે સર્વસુલભ ભાષામાં જ્ઞાન આપવું તેવો ધ્વનિ માસિકના શીર્ષકમાં રહેલો પ્રતીત થાય છે. તેમાં મોટાભાગના લેખો વિદ્યાર્થીઓ જ લખતા અને સાથે સાથે વર્ગના વિદ્વાન વડીલ સાધકો પણ તેમની રસપ્રદ લેખિનીનો લાભ આપતા. પ્રાતઃકાલ અને મહાકાલની તુલના કરતાં શ્રી માસ્તરસાહેબ પોતે જ લખે છે :

"પ્રાતઃકાલનું પોષક તથા રક્ષક વગેરે શ્રી મહાકાલ છે. મહાકાલ, જેમને દંતની સુદૃઢ પંક્તિઓ પ્રાપ્ત હોવાથી જેઓ કઠિન આહારને પણ ચાવવા સમર્થ છે, તથા જેઓના જઠરાગ્નિ બહુ પ્રબલ હોવાથી ગરિષ્ઠ મિષ્ટાન્નને પણ પચાવવા સમર્થ છે, તેવા ઊંચા અધિકારવાળાઓ અર્થે છે. "પ્રાતઃકાલ" દાંત વિનાના તથા કોમળ દાંતવાળા બાળકો તથા દાંત વિનાના વૃધ્ધો અર્થે છે, અને તેથી પોષણમાં ઉપયોગી વિષયોને, પ્રેમાળ માતાની પેઠે ચાવીને અથવા નરમ કરીને બાળકોને તે આપનાર છે. મહાકાલના ગરિષ્ઠ મિષ્ટાન્ન જેવા વિષયોને તે પચી શકે એવા નરમ કરીને આપવાનો પ્રયત્ન કરશે, એટલું જ નહિ, પરંતુ બીજા સાદાં અન્નોનો પણ તે પોતાના વાચકોને સ્વાદ ચખાડશે."[1]

---

૧. "પ્રાતઃકાલ" પુ. ૧, સં. ૧૯૫૯, કાર્તિક

"પ્રાતઃકાલ"માં યુવાનોના લેખો ઉપરાંત શ્રીઉપેન્દ્રાચાર્યજી, શ્રી છોટાલાલ માસ્તરસાહેબ, શ્રી જગન્નાથ પ્રભાશંકર, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી જયકૃષ્ણદાસ ભક્ત, શ્રી ચુનીલાલ ઓઝા વગેરે સાધકોના બોધકલેખોનો પણ સમાવેશ થતો. આરોગ્ય, વ્યવહાર, વિજ્ઞાન, શિક્ષણ વગેરે વિશે માહિતી આપતા લેખો ઉપરાંત સુપ્રસિધ્ધ ભકતોનાં પ્રેરક ચરિત્રો પણ તેમાં આવતાં. તેમાંય સં. ૧૯૫૯ના માર્ગશીર્ષ માસથી શરૂ થયેલી "પ્રાતઃકાલ"ના તંત્રી શ્રી જગન્નાથ પ્રભાશંકર પંડિતની "શ્રી ગૌરાઙ્ગ ચરિત" લેખમાળા તો "પ્રાતઃકાલ"ના વાચકોમાં અત્યંત પ્રિય થઇ પડી હતી.

ઉપરોકત બન્ને માસિકોની લોકપ્રિયતા અને ગ્રાહકસંખ્યા જોઇ સદ્‌વિચાર તથા ધર્મતત્ત્વના વિચારોનું વિસ્તૃત રીતે વિતરણ-પ્રસારણ કરવાના શુભહેતુથી વર્ગના વિધ્વાન સાધકોએ અન્ય માસિકો ચલાવવાનું સાહસ ખેડયું. એના પરિણામરૂપે સં. ૧૯૬૦ના આષાઢ માસમાં સાધકબંધુ શ્રી જયકૃષ્ણદાસ ગંગાદાસ ભકતે "ભકત" માસિકનો આરંભ કર્યો. શ્રીઉપેન્દ્રભગવાનની રસપ્રદ શૈલીમાં લખાયેલી પણ અપૂર્ણ રહેવા પામેલી "વિજયાકુમારી" વાર્તા આ જ માસિકમાં પ્રકટ થતી હતી.

શ્રી ચૂનીલાલ જ. ઓઝાના તંત્રીપદે સં. ૧૯૬૨ના શ્રાવણમાસમાં "યમદંડ" માસિકનો આરંભ થયો. "યમદંડ" શકિત, આત્મસ્વરૂપનો પરિચય આપતી હોય તે રીતે રૂપકાત્મક શૈલીમાં તેના ઉદ્દેશો વિશે પ્રકાશ નાખતાં તેના તંત્રીશ્રી લખે છે :

"મારા પ્રતિ ભકિતભાવ રાખનાર સજ્જનોનું વિવિધ આધિ, વ્યાધિ આદિથી રક્ષણ કરવા હું નિરંતર તત્પર રહીશ. તેમના હૃદયનો અજ્ઞાનરૂપી અંધકાર ટાળવા હું તેમના અધિકારાનુસાર પ્રયત્ન કરીશ. હું સર્વને સેવ્ય છતાં, જેમ સેવ્ય માતાપિતા પોતાના નિરાધાર બાળકની અનેક પ્રકારે સેવા ઉઠાવે છે, તેમ હું અનેક પ્રકારે તેમની રક્ષા કરીશ.

મારૂં મહામંગલમય મનોહર રૂપ છતાં પ્રસંગે દુષ્ટોને દંડ દેવા હું વિકરાલરૂપ ધારણ કરીશ. તે પ્રસંગે, પ્રલ્હાદને જેમ મારા ઈષ્ટ શ્રીનૃસિંહ ભગવાને પોતાના અંકમાં બેસાડી મસ્તકે પોતાનો અભયવરદ હસ્ત ફેરવ્યો હતો તેમ તમને તો હું મારા વક્ષ:સ્થળમાં ચાંપી પ્રેમાલિંગન આપીશ, પરંતુ દુષ્ટાત્માનાં મસ્તકના તો સહસ્ત્ર વિભાગ કરી નાંખીશ. તે સમયે મારા, પ્રચંડ જ્વાલાને પ્રકટાવતા સ્વરૂપથી તમે પરિતાપને ન પામો, માટે જ આ સ્થળે સહજ સૂચન કર્યું છે.

મહાકાલસ્વરૂપ મહેશ્વરે મારામાં સ્થાપેલા અતુલિત બળવડે તમારૂં નિરંતર રક્ષણ થાઓ."[૧]

તેમાં પણ વેણુવિહારીની "હિંમતબહાદુરીની હુંશિયારી અથવા એક ડિકટેકટીવનું પરાક્રમ" સાહસકથા, તથા શ્રી ચુનીલાલ જ. ઓઝાની "સિધ્ધમંડળનો મહાત્મા"નામની જુદા જુદા વ્યતિકરોને અધ્યાત્મવિદ્યાના પ્રકાશમાં આવરી લેતી નવલકથા નોંધપાત્ર છે. તેમાં શ્રી ભોગીલાલ ઓઝાના લેખો પણ સારી સંખ્યામાં પ્રગટ થયેલા છે.

શ્રી જગન્નાથ પ્રભાશંકર પંડિતે સં. ૧૯૬૩ના ફાલ્ગુન માસમાં "<u>ધર્મધ્વજ</u>" માસિક શરૂ કર્યું. તેમાંની તંત્રીશ્રીની "રસસિધ્ધા" નામની હપ્તે હપ્તે પ્રગટ થતી વાર્તા ધ્યાનપાત્ર નીવડી હતી.

સં. ૧૯૬૯માં શ્રી જેઠાલાલ દેવશંકર દવેએ "<u>ભાગ્યોદય</u>" માસિક કાઢ્યું. તેમાં જ્યોતિષ, વૈદક, આરોગ્ય વગેરે વિષયક માહિતીપ્રચુર લેખમાળાથી માંડીને વાચકોને બંગાળી, હિન્દી,

---

૧. "ચમત્કાર", પુ. ૧, સં. ૧૯૬૨, શ્રાવણ, પૃ. ૫

અંગ્રેજી સાહિત્યમાંથી રસિક અનુવાદો પણ આપવામાં આવતા. તેમાં પ્રસિધ્ધ થતી "કમલનયની" નવલકથાએ પણ વાચકોમાં સારું આકર્ષણ જગાવ્યું હતું.

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના બીજા પ્રતિષ્ઠિત વિદ્વાનો પણ સ્વતંત્ર રીતે માસિકોનું સંચાલન કરતા. તેમાંય "દંપતિમિત્ર", "જીવન", "સ્પર્શમણિ", "પ્રભાકર" વગેરે માસિકોએ પણ ભિન્ન ભિન્ન વિષયોનો વૈવિધ્યપૂર્ણ થાળ પીરસી તત્કાલીન જનસમાજની જ્ઞાનક્ષિતિજો વિસ્તારવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. "પ્રભાકર" માસિકમાં હપ્તે હપ્તે પ્રગટ થતી શ્રી જમીયતરામ લક્ષ્મીરામ પંડિતની "ભદ્રબાળા" નવલકથા લોકભોગ્ય બની ચૂકી હતી. તેમાં ગુપ્તવિદ્યાઓ પ્રતિ લક્ષ ખેંચીને કર્તાએ વિવિધ કથાપ્રસંગો દ્વારા ફલિત કર્યું છે કે વ્યવહાર-પરાયણ જીવનમાં પણ અત્યંત વિકાસમય વ્યક્તિઓ અસ્તિત્વમાં હોય છે.

વર્ગ દ્વારા અથવા તો વર્ગની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા સ્વતંત્ર રીતે ચાલતાં ઉપરોક્ત માસિકોએ ગુજરાતના હજારો વાચકોમાં સંસ્કારસિંચન કરવાનું ભગીરથ કાર્ય ઉપાડ્યું હતું. આ પત્રોએ જ્ઞાન-વિજ્ઞાનની અદ્યતન માહિતી આપવા ઉપરાંત સમાજ, વ્યવહાર, કુટુંબ, આરોગ્ય, શિક્ષણ વગેરે વ્યવહારુ વિષયક તથા આત્મા, પરમાત્મા, ગૃહસ્થી-સંન્યાસી, ભાવના, આંદોલન, ચિતિશક્તિ વગેરે પરમાર્થવિષયક ચર્ચા વિશેષતઃ કરી હતી. તેમ છતાં અસંખ્ય વાચકો તે પ્રતિ આકર્ષાયા હતા, કારણ કે પ્રત્યેક લેખમાં અનુભૂતિની સચ્ચાઇ, રોચક દૃષ્ટાંતશૈલી અને સદુપદેશમાં પણ કલાત્મક નિરૂપણ રહેલાં આપણને જોવા મળે છે. આર્ય-શાસ્ત્રોમાં રહેલાં શુભતત્ત્વો પ્રતિ અનેક લેખમાળાઓ એ અંગુલિનિર્દેશ કર્યો છે તો અન્ય પક્ષે શિક્ષિત વિદ્વાન સાધકોએ તો પાશ્ચાત્ય ધર્મોમાં રહેલાં શુભ-સત્ય તત્ત્વોનો આદર કરી તેનો પણ

વાચકસમુદાયને પરિચય કરાવ્યો હતો. ઉપરોક્ત માસિકોની સાહિત્યસેવા ઉપરાંત ધર્મશોધનપ્રવૃત્તિ અને સંસ્કારસેવા પણ તેટલી જ નોંધપાત્ર છે.

શ્રી કિસનસિંહ ચાવડા યથાર્થ કહે છે :

"શ્રીનૃસિંહાચાર્યજીની પ્રેરણા અને દૃષ્ટિના આશ્રય હેઠળ જે સાહિત્ય રચાયું તેણે ગુજરાતી સાહિત્યમાં ઉપકારક કામ કર્યું છે. "મહાકાલ", "પ્રાત:કાલ" અને "યમદણ્ડ" જેવાં સામયિકોએ અંતરબાહ્ય શુધ્ધિની જે એક નાનકડી ગંગાનહેર વહાવી તેનું કામ આજે ભલે ન દેખાય પણ તે વખતે તો એણે ગુજરાતના અગ્રણી સાહિત્યકારોને ભીંજવ્યા હતા. એમાંથી છોટાલાલ માસ્તર, નર્મદાશંકર દેવશંકર મહેતા, કૌશિકરામ મહેતા, જેકિસનદાસ કણિયા અને શ્રીઉપેન્દ્રાચાર્ય જેવા સાહિત્યસેવકો અને સંસ્કારશીલ સજ્જનો થયા ; પણ એથીય આગળ જઇને આ પવિત્ર જલે સ્વ. ગોવર્ધનરામથી માંડીને શ્રી શિરીષ શેલત જેવા અપ્રસિધ્ધ કવિઓને પણ સંસ્પર્શ કર્યો.

ગુજરાત અને ગુજરાતી સાહિત્ય ઉપર આ અલૌકિક વિભૂતિની (શ્રીમન્નૃસિંહાચાર્યજીની) અસર ઐતિહાસિક બની જાય એટલી વ્યાપક હતી, અને એની સંસ્કારિતાના વિકાસમાં આ મહાનુભાવનું અર્પણ અવિસ્મરણીય બની જાય તેવું અપૂર્વ હતું."[1]

સં. ૧૯૮૯ (ઇ.સ. ૧૯૩૩)માં શ્રીઉપેન્દ્રાચાર્યે "શ્રેયસ્સાધક" નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું. તેમાં વર્ગના વિધ્વાનસાધકોના અભ્યાસલેખો ઉપરાંત વર્ગના વિવિધ ઉત્સવો વિશેનું સાહિત્ય પ્રકટ થતું. શ્રીઉપેન્દ્રાચાર્યજીની મધુરભાષી કલમે લખાતા "નિત્યસંદેશ" તથા "સદ્વચનો" જેમ યુવકો-વિદ્યાર્થીઓમાં આદર પામ્યા હતા

---

૧. "શ્રીમન્ નૃસિંહાચાર્યજી શતાબ્દી-સ્મૃતિ-ગ્રંથ",
શ્રી કિસનસિંહ ચાવડા - "અલૌકિક વિભૂતિનું કાર્ય", પૃ. ૧૪૩.

તેમ "સદ્બોધ સુધાસ્રવણ" શીર્ષક નીચે શ્રી મ. ચ. શેલત પોતાની નોંધપોથીમાંથી સદ્ગુરુ શ્રીઉપેન્દ્રાચાર્યજીના પ્રત્યેક પ્રસંગનું વિગતપ્રચુર ભાવાત્મક વર્ણન કરતા તે દસ્તાવેજી લેખમાળા પણ સાધકસમુદાયમાં અત્યંત પ્રશંસા પામી હતી. તેને વહેલી તકે ગ્રન્થસ્થ કરવાની જરૂર છે.

o o o

વર્ગના આચાર્યો, શ્રી માસ્તરસાહેબ, વિદ્વાન સાધકમંડળ, શ્રીઉપેન્દ્રાચાર્યજીના સમયમાં વર્ગના ઉત્સવોએ લીધેલું કલાત્મક સ્વરૂપ, વર્ગનાં સામયિકો, વર્ગની સ્ત્રીપ્રતિભાઓ વગેરેનો સાહિત્યિક અને સાંસ્કૃતિક – આધ્યાત્મિક અભિગમ જોતાં કોઇને પણ દેઢ પ્રતીતિ થઇ શકે તેમ છે કે પ્રચારની – પ્રસિધ્ધિની ખેવના કર્યા વગર શ્રેયસ્સાધક અધિકારી વર્ગે કરેલી વિવિધલક્ષી સેવા ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત નોંધપાત્ર છે.

——ooo——